RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 225* Date: 11.06.2022 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## અમે ચૂંટણી જીતવા નહીં, લોકોનું ભલું કરવા આવ્યાં છીએ, ચૂંટણી તો લોકોના આશીર્વાદથી જીતીએ છીએઃ નરેન્દ્ર મોદી

# મને ગૌરવ છે કે,પાટિલ-પટેલની જોડીએ લોકોનો વિશ્વાસ જીત્યો : પીએમ

(એ.આર.એલ),નવસારી,તા.૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ગણતરીના મહિનાઓ જ બાકી રહ્યા છે ત્યારે વડાપ્રધાનની ગુજરાતની યાત્રાઓ વધવા લાગી છે. આજે પીએમ મોદી નવસારીના ખુડવેલમાં જાહેરસભાને સંબોધી હતી અને અહીંથી જ નવસારી જિલ્લાનાં ૩૦૫૦ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ચૂંટણી આવી એટલે કામ થાય એવું નથી, આ ચુનૌતી છે, એક અઠવાડિયું એવું શોધી લાવો કે જ્યારે વિકાસનું કોઇ કામ ન કર્યું હોય. અમારા માટે સત્તામાં બેસવું એ સેવાનો અવસર છે.ભૂતકાળમાં આ તમારા આદિવાસી વિસ્તારમાં એક મુખ્યપ્રધાન હતા, તેમના વિસ્તારમાં પાણીની ટાંકી ન હતી, તેઓ હેન્ડપંપ લગાવે અને ૧૨ મહિને બગડી જતો હતો, હું મુખ્યમંત્રી તરીકે આવ્યો અને અમે તેમના ગામમાં પાણીની ટાંકી બનાવી અહીં હું થેલો લગાવીને આવતો, મને ભૂખ્યા રહેવાની નોબત નહોતી આવી, તમારા પ્રેમ અને આશીર્વાદ મળ્યા, આદિવાસી વિસ્તારમાં કામ કરવાનો મોકો મળ્યો, એનાથી વધુ તેમની પાસેથી શીખવા મળ્યું, તેઓ પર્યાવરણની રક્ષા કરનારો સમાજ છે. ડાંગે નેચરલ ફાર્મિંગમાં જે કમાલ કરી છે એ માટે તેમને અભિનંદન આપું છું. મારા સમયે વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરાઈ હતી, આદિવાસીના દીકરાએ ડોક્ટર બનવા અંગ્રેજી ભણવાની જરૂર નથી



પોતાની જૂની યાદો વાગોળતા તેમણે કહ્યુ કે, લાંબા સમય બાદ ચીખલી આવ્યો છું. જૂની યાદો તાજી થઈ છે. એ દિવસે મારી પાસે અહી આવવા કોઈ સાધન ન હતું. બસમાંથી ઉતરીને ખભે થેલો લટકાવીને આવતો હતો. અહી અનેક વર્ષો રહ્યો, પણ મને ક્યારેય ભૂખ્યા રહેવાની નોબત નથી આવી. તમારા આર્શીવાદ એ મારી શક્તિ છે. આદિવાસી બહેનો વચ્ચે કામ કરવાના અવસર મળ્યા. તેના કરતા વધુ તેમની પાસેથી હુ શીખ્યો. સુઘળતા, સ્વચ્છતા, અનુશાસન...અહી આદિવાસીઓ એક લાઈનમાં એકબીજાની પાછળ ચાલતા હોય છે. આ તેમની જીવન રચના છે. આદિવાસી સમાજ સામુદાયિક જીવન, પર્યાવરણને રક્ષા કરનારો સમાજ છે.

વડાપ્રધાને અગાઉના તેમના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાનનો કિસ્સો ટાંકતાં જણાવ્યું હતું કે, ભૂતકાળમાં આ જ વિસ્તારના એક એવા મુખ્યમંત્રી હતા, જેમના પોતાના ગામમાં પાણીની ટાંકી ન હતી. હેન્ડપંપ લગાવે તો બાર મહિને બગડી જાય. હું આવ્યો અને તેમના ગામમાં મેં ટાંકી બનાવી. એક જમાનામાં ગુજરાતના મુખ્યમંત્રીએ જામનગરમાં પાણીની ટાંકીનું ઉદઘાટન કર્યુ હતું, અને ગુજરાતના છાપામાં પહેલા પાના પર મોટા સમાચાર છપાયા હતા. એ દિવસો ગુજરાતે જોયા છે. આજે મને ગર્વ થાય છે કે હુ આદિવાસી વિસ્તારમાં ૩૦૦૦ કરોડના કામનું ઉદઘાટન કરુ છું. મને સરકારમાં ૨૨ થી વધુ વર્ષ થયા, પણ એક અઠવાડિયુ બતાવો કે મેં વિકાસનુ કોઈ કામ ન કર્યુ હોય. ૨૦૧૮ માં હુ આવ્યો હતો ત્યારે લોકોએ કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી માટે આંબા આંબલી બતાવે છે. આજે તેઓ ખોટા પડ્યા છે. નેવા અને મોભા વચ્ચે ૩-૪ ફૂટનો ઢાળ હોય છે. આ તો ૨૦૦ માળનો પહાડ ચઢીને તળિયેથી પાણી ઉંચકીને ટોચ પર લઈ જવાનું. અમે ચૂંટણી માટે નહિ પણ ભલુ કરવા માટે નીકળ્યા છીએ. ચૂંટણી તો અમને લોકો જીતાડતા હોય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત ગૌરવ સભા સંબોધતા જણાવ્યું હતું કે, અહીંના લોકોનુ જીવન પાણીદાર બનાવવું છે. આપણા બાપ-દાદાએ પાણી વગર મુસીબતમાં જીવન પસાર કર્યુ છે. હવે મારે નવી પેઢીને આવી રીતે જીવવા નથી દેવા. તેમની જિંદગી સુખેથી નીકળવી જોઈએ. ઉમરગામથી આગળમાં આદિવાસી, ઓબીસી સમાજ રહે. અહી પણ તેજસ્વી બાળકો પેદા થતા હોય છે. ત્યા એક પણ વિજ્ઞાનની શાળા ન હતી. આજે આદિવાસી વિસ્તારમાં વિજ્ઞાન શાળાથી મેં શરૂ કરેલુ કામ મેડિકલ કોલેજો સુધી પહોંચ્યુ છે. પ્રગતિ કરવી હોય તો જંગલમાં પણ જવુ પડ્યુ છે. લાખો લોકોનુ જીવન બદલવાનો અમારો નેમ છે. ડાંગ જિલ્લાએ કુદરતી ખેતી માટે જે બીડુ ઉપાડ્યું છે તેના માટે અભિનંદન આપુ છું. આદિવાસી-પછાત-હળપતિના દીકરાએ હવે ડોક્ટર થવુ હોય તો, હવે અંગ્રેજી ભણવાની જરૂર નથી. હવે અમે માતૃભાષામાં તેમને ડોક્ટર બનાવીએ છીએ. અબ્દુલ કલામે પણ આદિવાસીઓના વાડી પ્રોજેક્ટના ભરપેટ વખાણ કર્યા હતા. વિકાસ સર્વસ્પર્શી હોય એ દિશામાં અમે કામ કરી રહ્યાં છીએ. આજનુ દ્રશ્ય જ તમારી માટે કામ કરવાની તાકાત આપે છે. આ તાકાતથી ગુજરાત અને હિન્દુસ્તાનને આગળ લઈ જવાનું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણ ઘરઆંગણે સરકારે આપ્યું છે, દર વર્ષે અંદાજે ૧૬ લાખ આદિજાતિ વિદ્યાર્થીઓને પ્રીમેટ્રિક પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ બેંક ખાતામાં આપવામાં આવે છે. ઈન્વેન્ટરી યોજનામાં ૨૦૦૦થી વધુ પ્રાથમિક શાળાના ૧૮ જેટલા કલાસરૂમ પ્રોજેક્ટ છે અને વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી શકે અને તેને મુશ્કેલી ન પડે એ પણ સુનિશ્ચિત કર્યું છે. વડાપ્રધાન ગુજરાત ગૌરવ ઉદ્યાનમાં આપનું માર્ગદર્શન કરવા પધાર્યા છે ત્યારે ગુજરાતને પ્રાકૃતિક ખેતીમાં વધુ ઊંચાઈએ લઈ જવા આપણે તેમને ખાતરી આપીએ છીએ. ડાંગ સો ટકા પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બન્યો છે, એમાંથી પ્રેરણા લઇ સમગ્ર રાજ્યના લોકોનો વિશ્વાસ અને ધરતીમાતાની ગુણવત્તા સુધારવા અન્ય વિસ્તારો પણ આ પ્રાકૃતિક ખેતી અપનાવે એવો સંકલ્પ આપણે કરીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આજે શિક્ષણ સ્વાસ્થ્ય અને સુખાકારીનાં કામોના વિકાસ ગુજરાતની આત્મનિર્ભર અને નવી દિશા આપણને આપશે.સીઆર પાટીલે જણાવ્યું હતું કે વડાપ્રધાનને દરેક વ્યક્તિની ચિંતા કરી છે. કોરોનાકાળમાં એકપણ વ્યક્તિ ભૂખે સૂતી નથી. વડાપ્રધાને દરેકને મફતમાં કોરોના વેક્સિન આપી છે. વડાપ્રધાને જનતાને ઘણી યોજનાઓ લોકોને આપી છે.

ચીખલીમાં ગુજરાત ગૌરવ અભિયાન કાર્યક્રમમાં પીએમ મોદી મોદીએ જણાવ્યું કે, 'પટેલ અને પાટીલની જોડીએ એ કરી બતાવ્યું જે હું ન કરી શક્યો. આજે મને એ વાતનું ગૌરવ છે કે, ગુજરાત છોડ્યા પછી જે લોકોએ ગુજરાતને સંભાળવાની જવાબદારી લીધી અને આજે ભૂપેન્દ્રભાઈ અને સી.આર.પાટીલની જોડી જે ઉમંગ અને ઉત્સાહ સાથે નવો આત્મવિશ્વાસ જગાવી રહી છે, તેનું જ પરિણામ છે કે, મારી સામે ૫ લાખ લોકોનો વિશાળ સમૂહ ઉપસ્થિત છે.'

## રાષ્ટ્રપતિ પદના ઉમેદવારના નામને લઇને વિપક્ષો દળોમાં સહમતિ બનાવવાનો પ્રયત્ન કોંગ્રેસ કરશે

નવીદિલ્હી,તા.૧૦

ચૂંટણી પંચે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે તારીખોની જાહેરાત કરી દીધી છે. ટૂંક સમયમાં સત્તાપક્ષ એટલે કે એનડીએ દ્વારા રાષ્ટ્રપતિ પદના ઉમેદવારની જાહેરાત કરવામાં આવશે. પરંતુ પ્રશ્ન એ છે કે શું વિપક્ષી દળ પણ રાષ્ટ્રપતિના ઉમેદવાર ઉતારશે અથવા એનડીએના ઉમેદવાર પર જ સર્વ સહમતિ બનશે.

કોંગ્રેસ પાર્ટીના એક સિનિયર નેતાના અનુસાર પાર્ટી રાષ્ટ્રપતિ પદના ઉમેદવારના નામને લઈને વિપક્ષો દળોમાં સહમતિ બનાવવાનો પ્રયત્ન કરશે. કોંગ્રેસ નેતાના અનુસાર ઉમેદવાર કોંગ્રેસનો હશે અથવા ટીએમસીનો. સૂત્રોના અનુસાર કોંગ્રેસ પાર્ટીમાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર માટે ગુલાબ નબી આઝાદના નામ પર પાર્ટીના પ્લેટફોર્મ પર ચર્ચા થઇ ચૂકી છે. પાર્ટીના નેતાઓનું માનવું છે કે ગુલાબ નબી આઝાદના નામ પર વિપક્ષી દળોમાં સામાન્ય સહમતિ બનવી સરળ રહેશે. આઝાદ લાંબા સમય સુધી રાજ્યસભામાં વિપક્ષના નેતા રહી ચૂક્યા છે અને તેમના વિપક્ષી નેતાઓ સાથે સારા સંબંધ છે. પરંતુ હજુ સુધી આ નામ ફાઇનલ થયું નથી.

જો કોંગ્રેસના નામ પર વિપક્ષી દળોમાં સહમતિ બનતી નથી તો ટીએમસીમાંથી પણ વિપક્ષી ઉમેદવારોના નામ આવી શકે છે. જો તે નામ પર બાકી વિપક્ષી દળોની સહમતિ બને છે તો કોંગ્રેસ પાર્ટી પણ તેનું સમર્થન કરી શકે છે. કોંગ્રેસ પાર્ટીને એવું લાગે છે કે આવી સ્થિતિમાં વિપક્ષ મજબૂતી સાથે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી લડશે. કોંગ્રેસના એક સિનિયર નેતાનો દાવો છે કે એનડીએ પાસે ૪૮.૫ ટકા વોટ છે જ્યારે બિન એનડીએ પક્ષોની વોટની સંખ્યા ૫૧.૫ ટકા છે.

ફક્ત યુપીએના પક્ષોના વોટ લગભગ ૨૪ થી ૨૫ ટકા છે. તમામ વિપક્ષી દળોને ભેગા કરીએ તો પણ લગભગ ૪૭ ટકા સુધી પહોંચે છે. કોંગ્રેસના નેતાના અનુસાર બધુ જ મ્ત્નઢ અને રૂજીઇ ર્ઝહપ્ત્નજિજ ના વલણ પર નિર્ભર કરશે. કારણ કે આ બંને દળોના વોટ લગભગ ૪% છે. જોકે વિપક્ષી દળોને એકસાથે રહી જશે તો તેમની જીત થઇ શકે છે અને જો તે વોટ એનડીએને મળી જાય તો તેના ઉમેદવારની જીત નક્કી છે. આમ તો કોંગ્રેસના નેતાને મ્ત્નઢ અને રૂજીઇ પાસે સમર્થનની આશા નહીવત છે કારણ કે બંને નેતાઓએ તાજેતરમાં જ પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી છે. હવે એવામાં કોંગ્રેસ પાર્ટી વિપક્ષી દળો સાથે વાત કરીને એક એવા ઉમેદવારને ઉતારવા માંગે છે. જેના નામ પર એકમત હોય અને જે સત્તાપક્ષના ઉમેદવારને આકરી ટક્કર આપી શકે.

### બાબા વિશ્વનાથનો સુવર્ણ દરબાર

## કાશી વિશ્વનાથ ધામ ગુપ્ત દાનના ૬૦ કિલો સોનાથી આખું ગર્ભગૃહ શિખરથી નીચે સુધી ઝળહળી ઉઠ્યું

વારાણસી,તા.૧૦

શ્રીકાશી વિશ્વનાથ મંદિર, જે બાર જ્યોતિર્લિંગોમાંનું એક છે, તે પણ સંપૂર્ણપણે સુવર્ણ આભામાં ડૂબી ગયું છે. આ એક ગુપ્ત દાતાના કારણે શક્ય બન્યું છે, જેમના ગર્ભગૃહ અને કાશી વિશ્વનાથના ગર્ભગૃહના ચાર દરવાજા દાનમાં આપેલા ૬૦ કિલો સોનાથી સુવર્ણમય છે. આ કામ લગભગ ૬ મહિનામાં પૂર્ણ થઈ શકશે. મંદિરની આભા હવે જોવા મળી રહી છે.



જો કે તમામ મંદિરોની સુંદરતા અને પોત એકબીજાથી અલગ અને અનુપમ છે, પરંતુ કાશી વિશ્વનાથ મંદિરનું ચિત્ર મનમાં આવતા જ મનમાં સુવર્ણ શિખર ઉભરી આવે છે. ૧૮૩૫ માં, પંજાબના તત્કાલિન મહારાજા રણજીત સિંહે બે શિખરો પર ૨૨ મણ સોનું સ્થાપિત કર્યું હતું, જે પછી હવે દક્ષિણ ભારતના ગુપ્ત દાતાના કારણે, ૬૦ કિલો સોનાના મંદિરના ગર્ભગૃહ, ગર્ભગૃહના ચાર દરવાજા અને શિખરના તળિયે ૮ ફૂટ સોનાનો ઢોળ ચડાવવામાં આવ્યો હતો.જેનું કામ પૂર્ણ થઈ ગયું છે.

હવે બાબા વિશ્વનાથનું આખું ગર્ભગૃહ શિખરથી નીચે સુધી સુવર્ણ આભામાં ડૂબી ગયું છે. ગર્ભગૃહમાં લગભગ ૩૭ કિલો સોનું સ્થાપિત કરવામાં આવ્યું છે, જે શિવરાત્રિ પર જ પૂર્ણ થયું હતું અને પીએમએ તેમના આગમન પર તેની ઉગ્ર પ્રશંસા કરી હતી, તેથી હવે બહારની દિવાલ અને ચાર દરવાજાઓને પણ ૨૩ કિલો સોનાથી સુવર્ણ કરવામાં આવ્યા છે. ગોલ્ડ પ્લેટેડ પાર્ટ પર એક્રેલિક શીટ પણ મુકવામાં આવી છે જેથી તે ગંદા ન થાય.

શ્રીકાશી વિશ્વનાથ મંદિરના મુખ્ય કાર્યકારી અધિકારી સુનિલ વર્માએ જણાવ્યું હતું કે વિશ્વનાથ ધામના નિર્માણ બાદ તમામ ભક્તોએ વ્યવસ્થા સુધારવા અને સુધારવામાં સહયોગ આપ્યો છે. આ એપિસોડમાં, એક ભક્ત વતી મંદિરના ગર્ભગૃહને સુવર્ણ બનાવવા અને ગર્ભગૃહનો બહારનો ભાગ આઠ ફૂટ નીચેથી છોડીને ગર્ભગૃહના ચારેય દરવાજાને સુવર્ણ બનાવવાની યોજના બનાવવામાં આવી હતી, જે લગભગ પૂર્ણ થઈ ગઈ છે.

ફિનિશિંગનું કામ કરવાનું બાકી છે અને બાકીનું કામ પૂર્ણ થઈ ગયું છે. આ કાર્ય અંતર્ગત સમગ્ર ગર્ભગૃહને સોનાથી શણગારવામાં આવ્યો છે. જો શિખર પહેલેથી જ સોનાનો ઢોળ ચડાવેલો હતો, તો તેને લગભગ ૧૦ ફૂટ નીચે છોડીને, ચારેય દરવાજા અંદર અને બહારથી સોનાનો ઢોળ ચડાવેલ છે. સુનીલ વર્માએ વધુમાં જણાવ્યું કે આ યોજના નવેમ્બર-ડિસેમ્બરમાં બનાવવામાં આવી હતી, પરંતુ જાન્યુઆરીથી કામ શરૂ થઈ શકે છે અને હવે તે પૂરજોશમાં છે.

## ભીષણ હીટવેવમાં ૧૫ જૂન સુધી રાહત નહીં મળેઃ હવામાન વિભાગ

નવીદિલ્હી,તા.૧૦

દિલ્હી-એનસીઆર અને ઉત્તરપશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાનમાં વીકએન્ડમાં થોડો ઘટાડો થઈ થશે, પરંતુ ભીષણ ગરમીમાં ૧૫ જુન સુધી મોટી રાહત ન મળવાની શક્યતા છે. હવામાન વિભાગે ગુરુવારે જણાવ્યું હતું કે ભેજવાળા પૂર્વીય પવનોથી ૧૬ જૂન પછીથી નોંધપાત્ર રાહત મળશે. હાલની હીટવેવ એપ્રિલ અને મેની હીટવેવની તુલનાઓ ઓછી તીવ્ર છે, પરંતુ લગભગ તમામ વિસ્તારોને સમાન અસર થઈ છે. ૧૨ જૂનથી મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઓડિસામાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટીની આગાહી છે, પરંતુ ઉત્તર રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ અને ઉત્તર મધ્યપ્રદેશમાં ૧૫ જૂન સુધી સામાન્ય કરતાં ઊંચું તાપમાન રહેશે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે દિલ્હી-એનસીઆર સહિતના ઉ.પશ્ચિમ ભારતના કેટલાંક વિસ્તારોમાં ૧૧-૧૨ જૂને થોડી રાહતની ધારણા છે. વીકએન્ડમાં વાદળછાયું વાતાવરણ રહેશે, પરંતુ વરસાદની શક્યતા નથી. તાપમાન ૧૫ જૂન સુધીમાં ૪૦થી ૪૩ ડિગ્રી સેલ્શિયસની વચ્ચે તાપમાન રહેવાની શક્યતા છે. આ વિસ્તારોમાં ૧૬ જૂન પછીથી ભેજવાળા પૂર્વીય પવનોને કારણે ગાજવીજ અને વરસાદ આવી શકે છે. દિલ્હી-એનસીઆર અને ઉત્તરપશ્ચિમ ભારતમાં ચોમાસું નિયત સમયે આવશે કે નહીં તેવા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે હાલમાં કંઇ કહેવાનું વહેલું ગણાશે.

## હવે ફિચે પણ ભારતનો આર્થિક વિકાસ દર ઘટાડીને ૭.૮ ટકા કર્યું

નવીદિલ્હી,તા.૧૦

તમામ રેટિંગ એજન્સીઓ ૨૦૨૨-૨૩ માટે ભારતના આર્થિક વિકાસ દરના અંદાજમાં ઘટાડો કરી રહી છે. હવે રેટિંગ એજન્સી ફિચે પણ ૨૦૨૨-૨૩માં ભારતના આર્થિક વિકાસ દરનું અનુમાન ૮.૫ ટકાથી ઘટાડીને ૭.૮ ટકા કર્યુ છે.રેટિંગ એજન્સીઓ સહિતની સંસ્થાઓએ વધતી જતી ફુગાવા, સપ્લાય ચેઇનમાં વિક્ષેપ અને વૈશ્વિક તણાવને કારણે ભારતના આર્થિક વિકાસ દરના અંદાજમાં ઘટાડો કર્યો છે.

એક પછી એક તમામ રેટિંગ એજન્સીઓ ૨૦૨૨-૨૩ માટે ભારતના આર્થિક વિકાસ દરના અંદાજમાં ઘટાડો કરી રહી છે.

હવે રેટિંગ એજન્સી ફિચ રેટિંગ્સે પણ ૨૦૨૨-૨૩માં ભારતની આર્થિક વૃદ્ધિનું અનુમાન ૮.૫ ટકાથી ઘટાડીને ૭.૮ ટકા કર્યું છે. આ પહેલા વર્લ્ડ બેંકે પણ ૨૦૨૨-૨૩માં ભારતના આર્થિક વિકાસ દરના અંદાજમાં ઘટાડો કર્યો હતો. વિશ્વ બેંકના જણાવ્યા અનુસાર ચાલુ નાણાકીય વર્ષમાં આર્થિક વિકાસ દર ૭.૫ ટકા રહી શકે છે. અગાઉ તેણે ૮.૭ ટકા વૃદ્ધિ દરનો અંદાજ મૂક્યો હતો. એટલે કે વિશ્વ બેંકે તેના અંદાજમાં ૧.૨ ટકાનો ઘટાડો કર્યો છે.

## લદ્દાખમાં ચીનના નિર્માણને લઈને સરકાર દેશ સાથે દગો કરી રહી છે : રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૧૦

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ફરી એકવાર લદ્દાખ બોર્ડર પર ચીનના બાંધકામને લઈને કેન્દ્રની મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને લખ્યું- 'ચીન ભવિષ્યની કાર્યવાહી માટે પાયો બનાવી રહ્યું છે, આને અવગણીને સરકાર ભારતને દગો કરી રહી છે.' જણાવી દઈએ કે રાહુલ ગાંધી પહેલા અમેરિકાના જનરલે લદ્દાખ બોર્ડર પર ચાલી રહેલા ચીનના નિર્માણને લઈને મોટું નિવેદન આપ્યું હતું.

યુએસ જનરલ ચાર્લ્સ એ. ફ્લિને લદ્દાખ સરહદ પર ચીની બાંધકામને ચીનનો 'સંબંધોને અસ્થિર અને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ' ગણાવ્યો હતો. અમેરિકન જનરલ હિમાલય વિસ્તારમાં ચીન દ્વારા કરવામાં આવી રહેલા બાંધકામની વાત કરી રહ્યા હતા. યુએસ જનરલે કહ્યું, 'મને લાગે છે કે (ચીની આર્મીના) વેસ્ટર્ન થિયેટર કમાન્ડમાં જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવી રહ્યું છે તે ચિંતાજનક છે.' ચીની સેનાની વેસ્ટર્ન થિયેટર કમાન્ડ ભારતની સરહદે છે. તેમણે કહ્યું કે ચીનનું 'અસ્થિર અને દબાણયુક્ત' વર્તન તેને મદદ કરશે નહીં.

અમેરિકન જનરલે કહ્યું હતું કે, ચીન અંદરની તરફ રોડ નિર્માણમાં સતત વધારો કરી રહ્યું છે. આ અસ્થિર અને હાનિકારક વર્તન છે. તે આ ક્ષેત્રમાં મદદ કરશે નહીં. રાહુલ ગાંધીના નિવેદને ફરી એકવાર લદ્દાખમાં ચીનના નિર્માણ પર ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે.

ગયા મહિને, તે બહાર આવ્યું હતું કે ચીન પૂર્વી લદ્દાખમાં વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ પેંગોંગ તળાવની આસપાસ તેના કબજા હેઠળના વિસ્તારમાં બીજો પુલ બનાવી રહ્યું છે જેથી સેનાને તેના સૈનિકોને ઝડપથી આ ક્ષેત્રમાં ખસેડવામાં મદદ મળી શકે. ચીન ભારત સાથેના સરહદી વિસ્તારોમાં રસ્તાઓ અને રહેણાંક વિસ્તારો જેવી અન્ય માળખાકીય સુવિધાઓ પણ સ્થાપિત કરી રહ્યું છે. ચીનનો વિયેતનામ અને જાપાન જેવા ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના વિવિધ દેશો સાથે દરિયાઈ સીમા વિવાદ છે.

## તંત્રી સ્થાનેથી...

# કર્કરોગનો ખાતમો

*ફક્ત એક દવાના સહારે છ મહિનાની અંદર જ કેન્સરને સંપૂર્ણ રીતે ખતમ કરી દેવાના અમેરિકાથી આવેલા સમાચાર ચમત્કાર જેવા જ છે. જોકે વિશેષજ્ઞો હજુ પણ આ પ્રયોગ સાથે કેટલાય કિંતુ-પરંતુ જોડી રહ્યા છે, પરંતુ કોઈપણ તેને સીધી રીતે નકારી નથી રહ્યું એ પણ મહત્ત્વનું છે. આ પ્રયોગનો રિપોર્ટ ધ ન્યૂ ઇંગ્લેન્ડ જર્નલ ઓફ મેડિસિનમાં છપાયો છે. જે ૧૮ લોકો પર પ્રયોગ કરવામાં આવ્યા, તે બધા જ રેક્ટલ (ગુદામાર્ગનું) કેન્સરથી પીડિત હતા. આ બધાને ડોસ્ટારલિમેબ નામની દવા આપવામાં આવી હતી. તેની ખાસિયત એ જણાવવામાં આવે છે કે તે કેન્સરના કોષની ઓળખ ઉજાગર કરી દે છે. ત્યારબાદ શરીરની જ પ્રતિકારક શક્તિ ત્યાં સુધી પહોંચીને તેને નષ્ટ કરી દે છે. તમામ અઢાર દર્દીઓને આ દવા છ મહિના સુધી દર ત્રીજા અઠવાડિયે આપવામાં આવતી રહી અને પરિણામ એ આવ્યું કે તેમનું કેન્સર સંપૂર્ણ રીતે ગાયબ થઈ ગયું. શરૂઆતમાં એ દર્દીઓને લાગ્યું હતું કે દવાથી તેમને ઘણી મદદ મળશે, પરંતુ આગળ જતાં કીમોથેરપી તો લેવી જ પડશે. પરંતુ તપાસ બાદ જાણવા મળ્યું કે તેમનું કેન્સર સંપૂર્ણ રીતે ઠીક થઈ ગયું છે અને હવે આગળ કોઈ ઇલાજની જરૂર નથી.*

*ફક્ત દવાના સહારે કેન્સરનું આ રીતે નાબૂદ થવું આશ્ચર્યજનક માનવામાં આવી રહ્યું છે. વિશેષજ્ઞો અનુસાર અત્યાર સુધીના ઇતિહાસમાં એવું પહેલી વાર થયું છે. સૌથી મોટી વાત એ છે કે આ દર્દીઓમાં દવાની કોઈ ગંભીર સાઇડ ઇફેક્ટ પણ નથી દેખાઈ. દર પાંચમાંથી એક પેશન્ટમાં કંઇક પ્રતિકૂળ અસર દેખાઈ, પરંતુ તેના પર આસાનીથી કાબૂ કરી લેવાયો. ત્રણથી પાંચ ટકા દર્દીઓમાં જ માંસપેશીઓની કમજોરી અને ચાવવા, ગળવા તથા કેટલીક તકલીફ જેવાં લક્ષણો જોવા મળ્યાં. કેન્સરના પારંપરિક ઇલાજ દરમ્યાન થનારી આડઅસરોની સરખામણીએ તો આ કશું જ નથી. કેન્સરનું સંપૂર્ણ ઉન્મૂલન અને કોઈ આડઅસર પણ નહીં, આ બે વાતો જ વિદ્વાનોના મનમાં શંકા પણ પેદા કરી રહી છે. તેમનું કેહવું છે કે આ કેસ સ્ટડી એટલો નાનો છે કે તેના નિષ્કર્ષોને જેમના તેમ સ્વીકારી લેવા મુશ્કેલ છે. તેને વધારે લોકો અને મોટા દાયરામાં દોહરાવવાની જરૂર છે. આ પ્રયોગના આરંભિક નિષ્કર્ષોને કઠિન કસોટીઓમાંથી પસાર કરીને જ તેને વધુ ઉપયોગી બનાવી શકાય છે. કેન્સર દુનિયામાં દર વર્ષે લગભગ એક કરોડ લોકોનાં મોતનું કારણ બને છે. તેની સારવાર મોંઘી તો છે જ, સાથે જ અત્યધિક તકલીફજનક પણ છે. ખર્ચના મામલે તો આ પ્રયોગ પણ હાલના સ્વરૂપે કદાચ કોઈ રાહત ન આપી શકે, કારણ કે તેમાં છ મહિનાના કોર્સમાં ફક્ત દવાની કિંમત જ ૭૫ લાખ રૂપિયાથી વધુ થઈ જાય છે, તેમ છતાં સમયની સાથે દવાની કિંમત ઘટવાની આશા કરી શકાય છે. જો એમ થશે તો આખી દુનિયાને ભરડામાં લેનારા કર્કરોગની સંપૂર્ણ નાબૂદી શક્ય બનશે, જે માનવજાત માટે આશીર્વાદરૂપ રહેશે.*

# હરિ ઇચ્છા બળવાન

એકવાર ભગવાન વિષ્ણુ ગરૂડજી ઉપર સવાર થઇને કૈલાશ પર્વત ઉપર જઇ રહ્યા હતા.રસ્તામાં ગરૂડજીએ જોયું કે એક જ દરવાજા ઉપર બે વરરાજાઓ જાન લઇને આવ્યા છે.સમગ્ર હકીકત ગરૂડજીને સમજમાં આવતી નથી તેથી તે ભગવાનને પૂછે છે કે પ્રભુ..આ કેવી અનોખી વાત છે કે વિવાહના માટે કન્યા એક છે અને બે વરરાજાઓ જાન લઇને આવ્યા છે?



ભગવાન કહે છે કે ગરૂડજી..તમારી વાત સાચી છે. એક જ કન્યા સાથે વિવાહ કરવા માટે અલગ અલગ બે જગ્યાએથી બે વરરાજા જાન લઇને આવ્યા છે. એક જાન પિતા દ્વારા પસંદ કરવામાં આવેલ છોકરાની તથા બીજી કન્યાની માતા દ્વારા પસંદ કરવામાં આવેલ છોકરાની છે. ત્યારે ગરૂડજી કહે છે કે તો પછી કન્યાનું લગ્ન કોની સાથે થશે?

ભગવાન કહે છે કે કન્યાની માતાએ જે મુરતીયાને પસંદ કર્યો છે તેની સાથે કન્યાનું લગ્ન થશે. ભગવાનની વાત સાંભળીને ગરૂડજી ચૂપ થઇ જાય છે અને ભગવાનને કૈલાશ પર્વત ઉપર મુકીને ગરૂડજી કૌતુહલવશ પાછા તે જગ્યાએ આવે છે કે જ્યાં બે વરરાજાઓની જાન રોકાઇ હતી.ગરૂડજીએ મનમાં વિચાર કર્યો કે કન્યાની માતાએ પસંદ કરેલ વરરાજાને અહીથી ક્યાંક દૂર લઇ જઇને મૂકી આવું તો તેનો વિવાહ કેવી રીતે થશે? ભગવાનના વિધાનને જોવાની-જાણવાની જિજ્ઞાસાથી તે વરરાજાને ઉઠાવીને સમુદ્રમાં આવેલ એક નિર્જન ટાપુ ઉપર મૂકી આવે છે.

ત્યારપછી ગરૂડજી થોડીવાર રોકાઇને વિચાર કરે છે આ વરરાજાને હું ઉઠાવીને આ નિર્જન ટાપુ ઉપર લાવ્યો છું પરંતુ અહીયાં તો ખાવા-પીવાની તો કોઇ વ્યવસ્થા નથી તેથી વરરાજા નિર્જન ટાપુ ઉપર તો મરી જશે અને ત્યાં જાનૈયાઓ અનેક પ્રકારના ભોજન આરોગશે આ યોગ્ય લાગતું નથી અને આમ કરવાથી તો મને પાપ લાગશે એટલે મારે આ વરરાજાના ખાવા-પીવાની વ્યવસ્થા કરવી જોઇએ.

વિધિના વિધાનને જાણવા માટે મારે થોડો પરીશ્રમ કરવો પડશે. આવો વિચાર કરીને તે પાછા તે જગ્યા ઉપર જાય છે કે જ્યાં બંન્ને વરરાજાઓની જાન રોકાઇ હતી.ત્યાં વરરાજાના ગુમ થવાથી કન્યાની માતાને ઘણી જ નિરાશા થાય છે પરંતુ હજું પણ તે તેણીએ પસંદ કરેલ વરરાજા સાથે જ પોતાની દિકરીના લગ્ન કરાવવા માટે મક્કમ છે એટલે તે એક મોટા ટોપલાને શણગારીને વરપક્ષ દ્વારા લાવવામાં આવેલ ફળ-ફુલ,મેવા-મિષ્ટાન ભરીને કન્યાને તેમાં સંતાડી દે છે. માતાની એવી ઇચ્છા હતી કે વરરાજાને શોધીને તેના ઘેર જ બંન્નેનો વિવાહ કરી દઇશું.કન્યાની માતાએ પોતાના મનનો ભાવ પોતાના વેવાઇને ખાનગી રીતે કહી દીધો. હવે સંજોગની વાત જુઓ.જે મોટા ટોપલાને શણગારીને વરપક્ષ દ્વારા લાવવામાં આવેલ ફળ-ફુલ, મેવા-મિષ્ટાન ભરીને કન્યાને તેમાં સંતાડીને પોતાના આંગણામાં મુક્યો હતો તેની ઉપર ગરૂડજીની નજર પડે છે એટલે તે ટોપલો ઉપાડીને લઇ જાય છે અને જે નિર્જન ટાપુ ઉપર વરરાજાને ઉઠાવીને લઇ જઇને મુક્યો હતો તે વરરાજાની સામે ટોપલો મૂકે છે.

આ બાજુ ભૂખથી વ્યાકુળ વરરાજાએ પોતાની સામે ભોજન સામગ્રી ભરેલો ટોપલો જુવે છે તો બાજની જેમ ટોપલામાં ભરેલ ભોજન સામગ્રી કાઢવાની શરૂ કરી તો ભોજન સામગ્રીની સાથે સાથે સોળ શણગાર સજેલી યુવતી કે જેને સાથે તેના લગ્ન થવાના હતા તેને જુવે છે.

ગરૂડજીને પણ આ જોઇએ નવાઇ લાગે છે અને તેમને નિશ્ચય થઇ જાય છે કે હરિ ઇચ્છા જ બળવાન છે, પછી તો શુભ મુહુર્ત જોઇને ગરૂડજી જ પુરોહિતનું કર્તવ્ય નિભાવીને વેદમંત્રોથી વિધિપૂર્વક વિવાહ કાર્ય સંપન્ન કરીને વર-કન્યાને આર્શિવાદ આપીને તેઓના ઘેર પહોંચાડી દે છે. ત્યારપછી પ્રભુની પાસે જઇને સમગ્ર વૃતાંત જણાવીને કહે છે કે પ્રભુ..આપે સમગ્ર લગ્નના કાર્યો મારી પાસે જ કરાવડાવ્યા. ગરૂડજીની વાતો સાંભળીને ભગવાન મંદમંદ હસે છે, એટલા માટે આપણું ધાર્યું થાય તો હરિકૃપા અને ના થાય તો હરિ ઇચ્છા સમજવી જોઇએ.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# બિહારમાં લાશ માટે ૫૦ હજારની માંગ

# માનવતા શર્મસાર આમ છતાં નીતીશકુમારનું સુશાસનના દાવો યથાવત : પ્રશાંત કિશોર

પટણા,તા.૧૦

બિહારના સમસ્તીપુરમાં એક જવાન પુત્રનું પોસ્ટમોર્ટમ કરવાના બદલે પોસ્ટમોર્ટમ કર્મી તરફથી ૫૦ હજાર રૂપિયાની લાંચ માંગવી જાણીતા ચુંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે દુર્ભાગ્યપૂર્ણ બતાવ્યું અને મુખ્યમંત્રી નીતીશકુમારના સુશાસનના દાવા પર પણ સવાલ ઉભા કર્યા છે. તેમણે આ મામલાને લઇ અખબારનું કટીંગને ટ્વીટ કરી મુખ્યમંત્રી નીતીશકુમાર પર પ્રહાર કરતા લખ્યું કે માનવતા શર્મસાસ આમ છતાં નીતીશકુમારજીનો સુશાસનનો દાવો યથાવત

એ યાદ રહે કે સમગ્ર મામલો સમસ્તીપુર જીલ્લાના તાજપુર પોલીસ સ્ટેશન વિસ્તારના આહાર ગામનો છે આહારના રહેવાસી મહેશ ઠાકુરના ૨૫ વર્ષનો પુત્ર થોડા સમય પહેલા ગુમ થયો હતો પહેલા પોતાના સ્તર પર શોધ કરી પરંતુ કોઇ માહિતી મળી નહીં બાદમાં તેમણે પોલીસમાં એફઆઇઆર નોંધાવી ૭ જુને પોલીસને મહેશ ઠાકુરને માહિતી આપવામાં આવી કે એક અજાણ્યા યુવકની લાશ પડેલી મળી છે.ત્યારબાદ તે પોલીસ સ્ટેશન પહોંચ્યા હતાં ત્યાં જઇને માહિતી મળી કે લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી આપવામાં આવી છે હોસ્પિટલ જઇ જયારે ઠાકુરને માહિતી મેળવી તો પોસ્ટમોર્ટમ કર્મચારી તેમના પુત્રની લાશ માટે ૫૦ હજાર રૂપિયાની લાંચ માંગી રહ્યાં હતાં આ સાંભળી ઠાકુર અને તેનો પરિવાર તુટી પડયો અને ખુબ ગરીબ હોવાને કારણે ગામે ગામ જઇ ભીખ માંગી પૈસા એકત્રિત કરવાનો નિર્ણય કર્યો.પ્રશાંત કિશોર ઉપરાંત સોશલ મીડિયા પર લોકો પોતાની પ્રતિક્રિયા આપી રહ્યાં છે એક યુઝરે ટીપ્પણી કરતા લખ્યું કે બિહારની સ્થિતિ ખુબ ખરાબ છે અપરાધ ચરમ પર છે શિક્ષણ નોકરી અને મહિલા સુરક્ષા બધુ જ બેહાલ છે.નીતીશને કંઇ ખબર જ નથી પોતાના રાજયની બાબતમાં તેમને કોઇ ચિંતા નથી બસ ફકત પોતાનો સમય કાપી રહ્યાં છે.અન્ય એક યુઝરે ટીપ્પણી કરી કે રેપ,ચોરી હત્યા શરાબ તો સામાન્ય બની ગયા છે તેના પર પ્રશાસનનું કોઇ નિયંત્રણ નથી નીતીશજીનો પહેલો કાર્યકાળ બિહારમાં હવે નથી

# છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭,૫૮૪ કેસ,૨૪ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૧૦

વિશ્વભરમાં કોરોના સંક્રમણ સામેની લડાઈ હજુ પણ ચાલી રહી છે. આ દરમિયાન ભારતમાં પણ કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોવિડ-૧૯ના ૭,૫૮૪ નવા કેસ નોંધાયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે ૨૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સાથે જ આ સમયગાળા દરમિયાન કોરોનાથી સંક્રમિત ૩,૭૯૧ દર્દીઓ સાજા પણ થયા છે.

દેશમાં કોરોના મહામારી ફરી એકવાર માથું ઉંચકી રહી છે. શુક્રવારે છેલ્લા ૨૪ કલાકમાં ૭૫૮૪ નવા સંક્રમિત મળી આવ્યા છે. આ દરમિયાન ૨૪ મૃત્યુએ પણ ચિંતા વધારી દીધી છે.છેલ્લા ૧૦ દિવસથી દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ સંદર્ભમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે રાજ્યોને સતર્ક રહેવા સૂચના આપી છે. ગુરુવારે દેશમાં ૭૨૪૦ દર્દીઓ મળી આવ્યા હતા, જેની સરખામણીએ શુક્રવારે વધુ ૩૪૪ દર્દીઓ મળી આવ્યા હતા. આ સાથે, સક્રિય કેસ પણ ૩૭૬૯ વધીને કુલ ૩૬,૨૬૭ થઈ ગયા છે. ૨૪ મૃત્યુ સહિત, અત્યાર સુધીમાં કુલ મૃત્યુ ૫,૨૪,૭૪૭ થઈ ગયા છે.

# ભાજપ બંગાળી ગૌરવને જાળવી રાખવા માટે પોતાની લડત જારી રાખશે : નડ્ડા

કોલકતા,તા.૧૦

પશ્ચિમ બંગાળના લોકો સાથે સંપર્ક સાધતા ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યુ કે પાર્ટી બંગાળી ગૌરવને જાળવી રાખવા માટે પોતાની લડત જારી રાખશે અને આને ઓછી કરવાનો પ્રયત્ન કરનારને બેનકાબ કરશે. નડ્ડાએ અહીં એક બેઠકને સંબોધિત કરતા એ પણ કહ્યુ કે જો કોવિડ મહામારીની બીજી વિનાશકારી લહેરએ ચૂંટણી પ્રચાર અભિયાનને પ્રભાવિત ના કરી હોત તો ભાજપ ગયા વર્ષે વિધાનસભા ચૂંટણી બાદ રાજ્યની સત્તામાં આવી ગઈ હોત.

તેમણે કહ્યુ, આપણે બંગાળી ગૌરવને જાળવી રાખવા અને આ માટે લડત જારી રાખવાની જરૂર છે. આપણે બંગાળી ગૌરવને ઓછો કરવાનો પ્રયત્ન કરનારને બેનકાબ કરવાની જરૂર છે. નડ્ડાએ કહ્યુ, અમને આશા છે કે આગામી વખતે અમે સત્તામાં આવી જઈશુ અને પોતાની વિજય રેલી બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડમાં કરીશે. ભાજપ અધ્યક્ષે કહ્યુ, ચૂંટણી પ્રચાર અભિયાનમાં જે રીતની ગતિ અમે પકડી હતી. તેનાથી સ્પષ્ટ રીતે લાગી રહ્યુ હતુ કે અમે સત્તામાં આવીશુ પરંતુ, કોવિડની બીજી લહેરના પ્રકોપના કારણે અમારે ચોથા તબક્કાના મતદાનના તાત્કાલિક બાદ પોતાનો પ્રચાર અભિયાન રોકવા મજબૂર થવુ પડ્યુ. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે આઠ તબક્કામાં મતદાન કરાવવામાં આવ્યુ હતુ. જોરદાર ચૂંટણી પ્રચાર છતાં ભાજપ રાજ્યમાં સત્તારૂઢ તૃણમુલ કોંગ્રેસને પરાજિત કરવામાં નિષ્ફળ રહ્યુ હતુ. ૨૯૪ સદસ્યીય વિધાનસભામાં ભાજપને ૭૭ જ્યારે ટીએમસીને ૨૧૩ બેઠક પર જીત મળી હતી.

પાડોશી રાજ્ય બિહારના રાજકીય પરિદ્રશ્યમાં પરિવર્તન લાવવા માટે ભાજપના સંઘર્ષનો ઉલ્લેખ કરતા નડ્ડાએ કહ્યુ કે કોઈએ ક્યારેય વિચાર્યુ નહોતુ કે પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવ જેલ જશે પરંતુ આ હકીકતમાં થયુ કેમ કે કાયદાએ પોતાનુ કામ કર્યુ.

# રશિયા-યુક્રેન યુદ્ધને કારણે ઈંધણ, ખાદ્ય અને ખાતરની કટોકટી : વિદેશ મંત્રી એસ જયશંકર

નવીદિલ્હી,તા.૧૦

ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે, રશિયા-યુક્રેન યુદ્ધે ઈંધણ, ખાદ્ય અને ખાતરની કટોકટી સર્જી છે, જેના કારણે ભૂખમરોની સ્થિતિ સર્જાઈ શકે છે. જયશંકરે નરેન્દ્ર મોદી સરકારના આઠ વર્ષ પૂરા થવા પર 'રાષ્ટ્રીય સુરક્ષા' પર ચર્ચા દરમિયાન કહ્યું હતું કે ,અમારા મતે યુક્રેનની સ્થિતિની અસર તરીકે ત્રણ કટોકટી (એફ) છે, જેમાં ઈંધણ, ખાદ્ય, અને ખાતર તરીકે દેખાય છે. વિદેશ મંત્રી એસ જયશંકરે વધુમાં કહ્યું કે, ઈંધણ, ખાદ્યપદાર્થો અને ખાતરની કિંમતોમાં ઘણો વધારો થયો છે. તેઓને ફુગાવાની ઘણી અસર થઈ છે. આ ઈવેન્ટનું આયોજન નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ્ડ સ્ટડીઝ દ્વારા ઈન્ટરનેશનલ સ્ટડીઝ નેટવર્ક, બેંગ્લોરના સહયોગથી કરવામાં આવ્યું હતું.

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે, અનાજના મામલામાં તે ખરેખર ભૂખમરાની સ્થિતિ સર્જશે. ખાતરોના કિસ્સામાં, તે ભવિષ્યમાં અથવા આગામી લણણીની મોસમ સુધી ઘણા દેશોમાં મોટી સમસ્યા ઊભી કરશે. તેમણે કહ્યું કે છેલ્લા બે વર્ષમાં દેશે ઘણા મોટા પડકારોનો સામનો કર્યો છે.

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે, દેશે છેલ્લા બે વર્ષમાં ચાર મોટા પડકારોનો સામનો કર્યો છે. જેમાં કોવિડ-૧૯, વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચીન સાથે તણાવ, અફઘાનિસ્તાનની સ્થિતિ અને યુક્રેન સંકટનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે, આ ચાર ઘટનાઓ સાબિત કરે છે કે દૂર દૂર બનતી વસ્તુઓની સીધી અસર દેશના કલ્યાણ પર પડે છે.

# જો સત્ય બોલવું એ બગાવત છે તો સમજો અમે પણ બાગી છે : સાધ્વી પ્રજ્ઞા

નવીદિલ્હી,તા.૧૦

પોતાના નિવેદનોને લઈને હેડલાઈન્સમાં રહેતી ભાજપ સાંસદ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુર ફરી ચર્ચામાં છે. આ વખતે તેમણે ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા નુપુર શર્માના સમર્થનમાં નિવેદન આપ્યું છે. સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુરે કહ્યું કે જો સત્ય બોલવું બગાવત છે તો અમે પણ બાગી છે.

સાધ્વી પ્રજ્ઞાએ ટ્વીટ કર્યું કે, જો સત્ય બોલવું એ બગાવત છે તો સમજી લેવું કે અમે પણ બાગી છીએ. જય સનાતન, જય હિંદુત્વપ" ટ્વીટ પછી સાધ્વી પ્રજ્ઞાએ નિવેદન આપ્યું હતું કે જ્યારે મુસ્લિમો સત્ય બતાવીએ છીએ ત્યારે તેમને આટલી તકલીફ કેમ થાય છે? કમલેશ તિવારીનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે તેમણે જે કહ્યું તે પછી તેમની હત્યા કરવામાં આવી. તેમણે કહ્યું કે હું કદાચ એટલા માટે બદનામ છું કે હું સાચું બોલું છું, પછી ભલે ગમે તે હોય. એ પણ હકીકત છે કે ત્યાં શિવ મંદિર હતું, છે અને રહેશે. તેને ફુવારો કહેવો એ આપણા હિંદુ આદર્શ, આપણા હિંદુ દેવતા સનાતનના મૂળ ધર્મ પર હુમલો છે, તેથી અમે સત્ય કહીશું.

## કર્ણાટકમાં જેડીએસના બે ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કરીને કોંગ્રેસના પક્ષમાં મત આપ્યો

# મહારાષ્ટ્ર અને હરિયાણામાં ચુંટણી અમાન્ય જાહેર કરવાની માંગ સાથે ભાજપના પ્રતિનિધિમંડળ ચુંટણી પંચને મળ્યું

નવીદિલ્હી,તા.૧૦

કર્ણાટકની ચાર સીટો માટે રાજ્યસભા ચૂંટણી માટે આજે મતદાન થયું હતું. ચોથી સીટ પર સસ્પેન્સ વચ્ચે બે મુખ્ય વિપક્ષી દળો કોંગ્રેસ અને જનતા દળ(એસ) વચ્ચે જોરદાર મુકાબલો થયો છે. કોંગ્રેસની તરફેણમાં જેડીએસ નેતા કુમારસ્વામીએ સ્વીકાર્યું કે ૩૨માંથી ૩૦ ધારાસભ્યોએ પાર્ટીને સમર્થન આપ્યુ હતુ. કુમારસ્વામીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ હાઈકમાન્ડે જેડીએસ જેવા ધર્મનિરપેક્ષ પક્ષના ઉમેદવારને સમર્થન ન આપીને ભાજપને મજબૂત બનાવ્યુ છે. જો કે હરિયાણા અને મહારાષ્ટ્રની ચુંટણી રદ કરવાની માંગ ભાજપે ચુંટણી પંચ સમક્ષ કરી છે આથી મતગણતીમાં વિલંબ થયો છે




જેડીએસ પ્રમુખ એચડી કુમારસ્વામીએ ઈન્ટરવ્યુમાં કોંગ્રેસ પર ભાજપના ઉમેદવારને હરાવવામાં કોઈ રસ ન હોવાનો આરોપ લગાવ્યો હતો. કર્ણાટકમાં ચાર બેઠકો માટે છ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે જેના કારણે ચોથી બેઠક માટે મોટો જંગ છે. જેડી(એસ) એ કોંગ્રેસની ચળવળને રોકવા માટે તેના ધારાસભ્યોને હોટલમાં શિફ્ટ કર્યા હોવાના અહેવાલ છે. જેના પર તેમણે ચૂંટણી જીતવા માટે 'ગંદી રાજનીતિ' કરવાનો આરોપ મૂક્યો છે. પૂર્વ મુખ્યમંત્રી અને વિપક્ષના નેતા સિદ્ધારમૈયા પર સીધો પ્રહાર કરતા કુમારસ્વામીએ કહ્યુ કે કોંગ્રેસ નેતા અમને હારતા જોઈને પૂર્વગ્રહ રાખે છે. જયારે કર્ણાટકમાં રાજ્યસભાની ચૂંટણીમાં મતદાન કર્યા પછી કર્ણાટક જેડી(એસ)ના ધારાસભ્યનું નિવેદન હેડલાઈન્સ બની રહ્યું છે કારણ કે કર્ણાટક જેડી(એસ)ના ધારાસભ્ય કે શ્રીનિવાસ ગૌડા સામે આવ્યા અને કહ્યું કે હા મેં કોંગ્રેસને મત આપ્યો કારણ કે હું તેને પ્રેમ કરું છું.

હરિયાણામાં રાજ્યસભાની બે સીટ માટે ચંદીગઢ વિધાનસભા પરિસરમાં મતદાન યોજાયું હતું આ દરમિયાન આદમપુરથી કોંગ્રેસ ધારાસભ્ય કુલદીપ બિશ્નોઈને લઈને દાવો કરવામાં આવ્યો છે કે તેમણે ક્રૉસ વોટિંગ કર્યુ છે. અપક્ષ ધારાસભ્ય રણધીર ગોલને કોંગ્રેસના બે ધારાસભ્યોએ તેમના પક્ષના ઉમેદવારને મત ન આપવાની વાત કરી છે. કોંગ્રેસના સાંસદ દીપેન્દ્ર હુડ્ડાએ કુલદીપ બિશ્નોઈ પર પાર્ટી સાથે રહેવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

ચંદીગઢમાં મતદાન કર્યા બાદ હરિયાણાના અપક્ષ ધારાસભ્ય રણધીર ગોલને કહ્યુ, કુલદીપ બિશ્નોઈ કોંગ્રેસથી નારાજ છે તેઓ તેમને વોટ નહીં આપે. કોંગ્રેસના અન્ય એક ધારાસભ્ય પણ પાર્ટીને વોટ આપવાના નથી પરંતુ હું તેમનું નામ નહિ લઉ. તેમણે કહ્યુ કે રાજયના તમામ ૬ અપક્ષ ધારાસભ્યોએ ભાજપને મત આપ્યો છે. ચંદીગઢમાં કોંગ્રેસના ધારાસભ્યો સાથે હાજર રહેલા સાંસદ દીપેન્દ્ર હુડ્ડાએ કહ્યુ કે પાર્ટી એકજુટ છે અને આ રાજયસભાની ચૂંટણીમાં અજય માકન જીતશે. કુલદીપ બિશ્નોઈ અંગે હુડ્ડાએ કહ્યુ કે તે કોંગ્રેસના ધારાસભ્ય છે અને હું માનુ છુ કે તેમણે કોંગ્રેસને મત આપ્યો છે.

મહારાષ્ટ્રમાં રાજયસભાની ચુંટણી માટે બપોરના ૩.૩૦ કલાક સુધી ૨૮૫ ધારાસભ્યો મતદાન કરી ચુકયા હતાં.જો કે આ દરમિયાન નવાબ મલિકને ભારે આંચકો લાગ્યો હતો બંબઇ હાઇકોર્ટે તેમને મતદાન કરવા માટે તાકિદે સુનાવણી કરવાનો ઇન્કાર કર્યો હતો આથી તેઓ મતદાન કરી શકયા ન હતાં રાજસ્થાનમાં રાજયસભા ચુંટણી માટે મતદાન થયું હતું આ દરમિયાન મામલો સુપ્રીમ કોર્ટ પહોંચી ગયો છે.સુપ્રીમ કોર્ટમાં માંગ કરવામાં આવી છે કે બસપાથી કોંગ્રેસમાં સામેલ છ ધારાસભ્યોને મતદાનના હાલ પરિણામમાં સામેલ કરવામાં ન આવે બસાપાથી ચુંટાઇને આવ્યા બાદ આ ધારાસભ્ય કોંગ્રેસમાં સામેલ થઇ ગયા હતાં તેમના દ્વારા આપવામાં આવેલ મત ગેરબંધારણીય છે જો કે આ અરજીની સુનાવણીને લઇ સુપ્રીમ કોર્ટમાં હાલ કોઇ તારીખ નક્કી કરી નથી ભાજપના એક ધારાસભ્ય શોભારાની કુશવાહાએ ક્રોસ મતદાન કર્યું છે તેમણે કોંગ્રેસના પ્રમોદ તિવારીને મત આપ્યા છે ચુંટણી પંચે આ માહિતી આપી છે.

એ યાદ રહે કે મહારાષ્ટ્રની ૬, રાજસ્થાન અને કર્ણાટકની ૪-૪ તથા હરિયાણાની ૨ બેઠકો માટે આજે મતદાન થયું હતું ઉત્તર પ્રદેશના તમામ ૧૧, તમિલનાડુના ૬, બિહારના ૫, આંધ્ર પ્રદેશના ૪, મધ્ય પ્રદેશ અને ઓડિશાના ૩-૩, છત્તીસગઢ, પંજાબ, તેલંગાણા તથા ઝારખંડના ૨-૨ અને ઉત્તરાખંડના ૧ ઉમેદવાર કોઈ પણ પ્રકારની ચૂંટણી વગર જ નિર્વિરોધ ચૂંટાઈ આવ્યા છે. તેમાં સૌથી વધારે ૧૪ ભાજપના, કોંગ્રેસ અને વાયએસઆર કોંગ્રેસના ૪-૪ ઉમેદવારો છે. ડીએમકે તથા બીજેડીના ૩-૩, આમ આદમી પાર્ટી, રાજદ, ટીઆરએસ, અન્નાદ્રમુકના ૨-૨, ઝામુમો, જેડીયુ, સપા અને રાલોદના ૧-૧ નેતા તથા અપક્ષ કપિલ સિબ્બલ નિર્વિરોધ ચૂંટાયેલા સદસ્યોમાં સામેલ છે.

# થાઈલેન્ડ એશિયાનો પહેલો દેશ બન્યો જ્યાં ગાંજાની ખેતીને કાયદેસર બનાવવામાં આવી

થાઈલેન્ડ,તા.૧૦

થાઈલેન્ડ એશિયાનો એવો પહેલો દેશ બની ગયો છે જેણે ગાંજો પીવો અને ઘરમાં તેની ખેતીને કાયદાકીય મંજૂરી આપી દીધી છે. થાઈલેન્ડના લોકો હવે ગાંજો શાકભાજીની જેમ ઉગાડી શકશે. થાઈ સરકારે ગાંજાને પ્રતિબંધિત ડ્રગ્સની યાદીમાંથી હટાવી દીધુ છે. થાઈલેન્ડના સ્વાસ્થ્ય મંત્રી અનુતિન ચાર્નવિરાકૂલે આ અંગે જાહેરાત કરી. તેમણે કહ્યું કે સરકારની યોજના સમગ્ર દેશમાં ગાંજાના એક મિલિયન એટલે કે ૧૦ લાખ બીજ મોકલવાની છે. થાઈલેન્ડના સ્વાસ્થ્ય મંત્રીએ વધુમાં કહ્યું કે તેઓ થાઈલેન્ડને એક 'વીડ વંડરલેન્ડ' તરીકે વિક્સિત કરવા માંગે છે. હવે નવા નિયમ મુજબ થાઈલેન્ડના લોકોને મેડિકલ આધારે ગાંજાની ખેતી, ખાવાની અને વેચવાની મંજૂરી અપાઈ છે. જો કે માત્ર મનોરંજન હેતુથી ગાંજો ફૂંકવા ઉપર હજુ પણ પ્રતિબંધ છે. એટલું જ નહીં સરકારે વેચવાના ગાંજાના ટીએચસી લેવલ ઉપર પ્રતિબંધ લગાવ્યો છે. જેનો હેતુ લોકોને ગાંજો ફૂંકીને નશો કરતા રોકવા અને તેનો ઉપયોગ ફક્ત દર્દથી રાહત મેળવવા માટે છે.

બીજી બાજુ ગાંજાનું સમર્થન કરનારા લોકોનું કહેવું છે કે આ પગલાંથી આ પ્રોડક્ટ હવે ગુનો રહેશે નહીં. થાઈલેન્ડની સરકારને આશા છે કે ગાંજાના પાકથી ભરપૂર કમાણી થશે અને કોરોનાના મારથી નબળી પડેલી અર્થવ્યવસ્થા મંદીમાંથી બહાર નીકળશે. ગાંજાથી બનેલી મીઠાઈ વેચનારા ચોકવાન કિટ્ટી ચોપકા આ મુદ્દે કહે છે કે કોરોના બાદ અર્થવ્યવસ્થા એટલી ખાઈમાં ધકેલાઈ છે કે, હવે વાસ્તવમાં તેની જરૂર છે. થાઈલેન્ડમાં કેટલાક લોકોએ ગાંજાને મળેલી મંજૂરી પર ખુબ ઉજવણી પણ કરી. તેમણે કેફેમાં જઈને મારિઝુઆના ખરીદ્યો જેને ગાંજાના છોડના એવા ભાગમાંથી બનાવવામાં આવે છે જેમાં નશાની ક્ષમતા ઓછી હોય છે. આ લોકો બેંગકોકના હાઈલેન્ડ કેફે પહોંચ્યા જ્યાં તેમણે સુગરકેન, બબલગમ, પર્પલ અફઘાની અને યુએફઓ નામની ગાંજાથી બનેલી ચીજો ખરીદી. ગાંજો ખરીદવા માટે સૌથી પહેલા પહોંચેલા રિટીપોંગ બાચકૂલે કહ્યું કે, હું હવે બૂમો પાડીને કહી શકું છું કે હું ગાંજો પીનારો છું. મારે હવે આ વાત છૂપાવવાની જરૂર નથી. કારણ કે તેને પહેલા ગેરકાયદેસર ડ્રગ માનવામાં આવતી હતી

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**N.O.G. S.S. No0102.**

નામઃ- રતીલાલ વાયડા

વિષયઃ-. અંતરમનનીઆશા.

પ્રકારઃ- ગદ્ય. વાર્તા.

તારીખઃ-૯/૬/૨૦૨૨.ગુરૂવાર.

શીર્ષકઃ-ફાઇનાન્સમેનેજરધ્યેય.

રચનાઃ-

ધ્યેયને નાનપણથીજ ભણવાની ખૂબ તમન્ના.દાદા શિક્ષક પિતા મેનેજર બંને જણ ખૂબ શિક્ષિત. દાદી અને માતા પણ ખૂબ જ શિક્ષિત ઘરમાં સંસ્કારી વાતાવરણ.

. ધ્યેયે એસ.એસ.સી.ની પરીક્ષા ખૂબ સારી રીતે પાસ કરી ,અને ત્યાર પછી હાય સેકન્ડરી વિજ્ઞાન પ્રવાહમાં દાખલ થયો. ત્યાં પણ તેને સારા માર્ક મળ્યા.

ઘરના લોકોની ઈચ્છા તેને એન્જિનિયર બનાવવાની હતી ,પરંતુ તેનું મન માનતું ન હતું અને તેને એન્જિનિયરિંગ કરતાં ફાઇનાન્સમાં અને બેક્કિંગમાં વધારે રસ હતો. તેને કારણે તેણે બી.બી.એ.માં એડમિશન લઈ લીધું. ત્રણ વર્ષ પુરા કર્યા અને પ્રથમ વર્ગમાં ખૂબ સારા માર્ક સાથે ઉત્તિર્ણ થયો.

ત્યાર પછી તેણે એમ.બી.એ .ફાઇનાન્સ ની સાથે કરવાનું નક્કી કર્યું અને બે વર્ષ ખૂબ મહેનત કરી અને ખૂબ સારા માર્કે પાસ થતાં તેમાં કોલેજ કેમ્પસ ઇન્ટરવ્યૂમાં બેંકમાં નોકરી મળી ગઈ.

બેંકમાં તેને ફાઇનાન્સ વિભાગ સોંપવામાં આવ્યો, અને થોડા સમયની અંદર તેમાં તેણે કાબેલિયત હાંસલ કરી લીધી બે વર્ષમાં તો ખૂબ સારું પ્રમોશન મળી ગયું.તે ફાઇનાન્સ મેનેજર બનીગયો.

તેને રમતગમત અને ખાસ ટેનિસમાં પણ ખૂબ રસ અને તેમાં પણ તે જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લે અને સારી કારકિર્દી બનાવી આજે પણ તે ટેનિસને ભુલ્યો નથી જ્યારે સમય મળે ત્યારે તેની રમવા ચાલ્યો જાય છે.

તેની અંતર્મનની જે આશા હતી તે આશા પૂરી થઈ, અને આજે પોતાનું જીવન પોતાના પરિવારજનો સાથે ખૂબ સારી રીતે વિતાવે છે.

અંતર મનની આશા સાથે કરવામાં આવેલા સારા પ્રયત્નો હંમેશા ફળતા હોય છે તેનું આ એક ઉદાહરણ છે.

રતીલાલ વાયડા,નવી મુંબઈ.

---

**NOG SS No : 106**

વિષયઃ-'આંતરમનની આશા'

શબ્દઃ-૫૫

શીર્ષકઃ-"આશાનાકૂંપળીએ"

મુક્તિદા કુમાર

'મનચલી'

અજર અમરની આશાનાં...
સપનાં વાવ્યાં,
સવાર સવારમાં!!!
જીવનને જોડે
માટીડા!
ખાડે.માટીના ખાડે,
સપનાં સેવ્યાં,
મંછાનાં ખાતરથી,
આશાનાં ખેતરમાં
ઊંડે,ઊંડા અંધારે!
અનંતના ઓવારે
આશાને બીજેથી,
આશાની ડાળીએ!
સવાર સવારમાં.
સૂરજના કિરણો
સાથે એ.
કૂંપળ ફૂટે જાય..
ફૂ....ટે..જા..ય!
મારી આશામાં.
પ્રાણવાયુ થઈ..
આશાને અજવાળીએ
ઝાકળનાં ટીપાંમાં
ફૂલ ખીલતાં જાય
આનંદના ઓથારે
આશાના અમરતથી
સપનાં ખીલતાં જાય..
સપનાં ખીલતાં જાય.
આશાનાં બીજોના
અનંતના ઓવારે
સપનાં વાવેલાં! એ
આશાનાં કૂપળીએથી
ફૂલ ખીલતાં જાય.
અંતરના આંગણીયે
આશાનાં ફૂલ ખીલતાં જાય.. ખીલતાં જા...ય...!

---

**NOG SS No : 0110**

પ્રકાર : ગદ્ય- ટૂંકી વાર્તા

વિષય : અંતરમનની આશા

શબ્દો : ૩૪૬

શીર્ષક : 'ખુશીઓનું આગમન'

લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

મૃગા એક હરણી જેવી ચંચળ અને પાણીના ખળખળ વહેતા ઝરણા જેવી નિર્મળ કિશોરી. નાની ઉંમરમાં મૃગાએ તેના પિતાને માર્ગ અકસ્માતમાં ગુમાવ્યા, ત્યારથી મૃગા અને તેની માતા મમતાબેન એ બે જ એકબીજાનો સહારો. કહેવા માટે સગાવ્હાલા હતાં. દુનિયાની શરમે થોડો સમય લાગણી અને હૂંફનો પ્રવાહ રહ્યો, પરંતુ સમય જતાં ધીરે ધીરે સહુ તેમનાથી કિનારો કરતા ગયા. જીવનની વાસ્તવિકતા મમતાબેન સમજી ગયા. ફૂલ જેવી દીકરી મૃગાના ઉછેરની સંપૂર્ણ જવાબદારી તેમણે સ્વીકારી લીધી.

મૃગા જેમ મોટી થતી ગઈ તેમ તેમ તેના મનમાં અસંખ્ય પ્રશ્નો ઉદભવતા ગયા. તેની ઉંમરના બીજા બાળકોના માતા-પિતા અને સ્નેહાળ કુટુંબ જોઈને ક્યારેક તેના ચહેરા પર ઉદાસી ટપકી આવતી. ઘરે આવીને તેની માતા મમતાબેનને પૂછતી કે તેના હિસ્સામાં પિતાનો પ્રેમ અને કુટુંબની હૂંફ કેમ નહીં? તેની ઉંમરના બીજા બાળકોને મળતા લાડ-પ્યાર તેના નસીબમાં કેમ નથી?

મૃગા હવે કિશોરી મટી યુવાનીમાં ડગ માંડી રહી હતી. પરિસ્થિતિઓએ તેને સમય પહેલાંજ પરિપક્વ અને વિચારશીલ યુવતી બનાવી દીધી હતી. તેના મનમાં નાનપણથી પ્રેમ, હૂંફ અને લાગણીનો અભાવ સર્જાયો હતો. તેનું અંતરમન હંમેશા પોકારી પોકારીને કહેતું, શું મારા જીવનમાં પણ કોઈ અઢળક પ્રેમ અને લાગણી આપનારું આવશે? શું હું પણ અન્યની જેમ સુખી જીવનની હકદાર બની શકીશ?

મૃગા ખૂબ હોંશિયાર અને ચપળ હતી. પેઇન્ટિંગ અને ક્રાફ્ટનો શોખ તેને પહેલેથી જ હતો. કોલેજકાળ દરમિયાન તેને મનોજ નામના એક યુવાનનો પરિચય થયો. મનોજ એક સુખી, સંસ્કારી અને આધુનિક વિચારસરણી ધરાવતો યુવક હતો. મનોજને પણ પેઇન્ટિંગ્સનો ખૂબ શોખ હતો. એકસરખો રસ હોવાને કારણે બંનેની મિત્રતા વધુ ઘનિષ્ઠ બની. બંને અવારનવાર સાથે પેઇન્ટિંગ્સના એક્ઝિબિશનમાં જતાં અને એકબીજાના ઘરે પણ જતાં. વધતી જતી નિકટતા અંતે પ્રણયમાં ફેરવાઈ. પ્રેમના કોલ અપાયાં.

મનોજે મૃગાનો હાથ પકડીને કહ્યું 'મૃગા, હું તને ખૂબ ચાહું છું અને લગ્ન કરી મારી જીવનસંગીની બનાવવા માગું છું. મારું વચન છે કે લગ્ન બાદ તારૂં જીવન હું ભરપૂર પ્રેમ, લાગણી અને સ્નેહથી ભરી દઈશ. મારા કુટુંબમાં તને માનભર્યું સ્થાન આપીશ.' મૃગાની આંખમાં આનંદના ઝળઝળીયા આવી ગયા. મૃગાને લાગતું હતું કે તેના અંતરમનની આશા આજે ફળી છે અને અત્યાર સુધી જે પ્રેમ, લાગણી અને હૂંફની તે રાહ જોઈ રહી હતી તે તેની જીંદગીના દ્વાર ખટખટાવી રહી છે. બંનેના લગ્નને મંજૂરીની મહોર વાગી અને મૃગા અને મનોજના લગ્ન લેવાયા. મૃગાના જીવનમાં આનંદ અને ઉત્સાહની લહેર છવાઈ ગઈ.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

---

**NOG SS No/0044**

વિષયઃ- અંતર મનની આશ

પ્રકારઃ- પદ્ય

શબ્દઃ- ૪૧

શીર્ષકઃ- ઉડાન

નામ :- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

ભરવી છે ઉડાન આભમાં
બેડી પહેરાવી ફરજોની
છતાં આશ તો છે ઉડવાની
કરીશ હું મનોબળ મક્કમ
રહીશ નિર્ણયમાં અડગ
કરીશ હું પ્રયત્ન અથાગ
ઉડીશ ફરજોની સાથેજ
સફળતા મેળવીને જ રહીશ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

### અમદાવાદમાં રથયાત્રાની તૈયારીઓ શરૂ

## કોરોનાના બે વર્ષ બાદ શહેરમાંથી જળયાત્રામાં ભક્તો સામેલ થઈ શકશે

અમદાવાદ,તા.૧૦

બે વર્ષ રથયાત્રા ભક્તો વગર નીકળી હતી. ત્યારે આ વર્ષે કોરોનાનો કહેર ઘટતા ભક્તોને રથયાત્રા માણવા મળશે. ભગવાન જગન્નાથની ૧૪૫ મી રથયાત્રાને લઈ મંદિરમાં તૈયારીઓ ચાલુ થઈ ગઈ છે. રથયાત્રા પૂર્વે પૂનમના દિવસે જળયાત્રાનું આયોજન કરવામાં આવે છે. બે વર્ષ સાદગીથી યોજાયેલી જળયાત્રાનું આ વર્ષે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તેમજ કોરોનાના ૨ વર્ષ બાદ ભક્તો પણ જળયાત્રામાં હાજર રહેશે.

બે વર્ષ બાદ જયારે જળયાત્રામાં ભક્તો પણ સામેલ કરાશે, ત્યારે ભક્તોમા અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દર વર્ષની જેમ ભૂદરના આરે જળયાત્રા યોજાશે. જળયાત્રામાં ગજરાજ, બળદગાડા, ધજા-પતિકાઓ, ૧૦૮ કળશ પણ જોડાશે. જેમાં મંદિરથી શુભયાત્રા સ્વરૂપે સાબરમતી નદીએ ભૂદરના આરે જાય છે. સંતો-મહંતો અને મહાનુભાવોની હાજરીમાં જળપૂજન કરવામાં આવશે. સાથે જ, જમાલપુર નિજમંદિર અને ભગવાનને વિવિધ પ્રકારના ફૂલ અને ફ્રૂટથી શણગારવામાં આવી રહ્યાં છે. રથયાત્રા પૂર્વેની જળયાત્રાની વિધિનો એક અપાર મહિમા હોય છે. જળયાત્રાના દિવસે મંદિર પરિસરમાં ૧૮ ગજરાજનું પૂજન કરવામાં આવશે. ભગવાનનો ૧૦૮ કળશના પાણીથી અભિષેક કરવામાં આવશે. ત્યારે બાદ ભગવાન ગજવેશ ધારણ કરશે. જળયાત્રાના દિવસે ભગવાન મામાના ઘરે જશે. જ્યાં તેમને લાડ લડાવવામા આવશે તેવુ દિલીપદાસજી મહારાજે જણાવ્યું.

## ધર્માંતરણ વિરોધી કાનુનની બિહારમાં જરૂરત નથી, સરકાર એલર્ટ રહે છે : નીતીશ કુમાર

પટણા,તા.૧૦

દેશના હરિયાણા,કર્ણાટક અરૂણાચલ પ્રદેશ છત્તીસગઢ ગુજરાત હિમાચલ પ્રદેશ ઝારખંડ મધ્યપ્રદેશ ઓરિસ્સા ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ જેવા અન્ય રાજયોએ ધર્મ પરિવર્તનને પ્રતિબંધિત કરનાર કાનુન પસાર કર્યો છે બિહારમાં ધર્માંતરણ વિરોધી કાનુનની માંગને લઇ ભાજપ હંમેશા પોતાની જ સરકાર પર હુમલાખોર રહે છે અને સમય સમય પર આ માંગને ઉઠાવતી રહે છે.ત્યારે કેન્દ્રીયમંત્રી ગિરિરાજ સિંહ સહિત ભાજપના અન્ય નેતા રાજયમાં ધર્મ પરિવર્તન વિરોધી કાનુનની માંગ કરી તેના પર બિહારમાં ભાજપના સહયોગથી સરકાર ચલાવી રહેલ મુખ્યમંત્રી નીતીશકુમારે એક મોટું નિવેદન આપતા કહ્યું કે રાજયમાં ધર્માંતરણ વિરોધી કાનુનની જરૂરત નથી

મુખ્યમંત્રી નીતીશે કહ્યું કે બિહાર સરકાર તેને લઇ હંમેશા એલર્ટ રહે છે તમામ લોકો શાંતિથી રહે છે રાજયમાં પુરી રીતે એકતા છે તેમણે સ્પષ્ટ કર્યું કે બિહારમાં આ રીતના કોઇ કાનુન આવસે નહીં તેમણે કહ્યું કે બિહારમાં કોઇ પણ ધર્મની વચ્ચે મતભેદ નથી લોકો પછી ભલે કોઇ પણ ધર્મનો હોય તમામ અહીં શાંતિથી રહે છે બિહારમાં અમે લોકો બધા કામ સારી રીતે કર્યા છે અહીં પરસ્પર વિવાદ ટકરાવ નથી સરકાર તરફથી ધ્યાન આપવામાં આવી રહ્યું છે કે કોઇ ગડબડ ન થાય સરકાર દરેક સમયે સતર્ક રહે છે નીતીશકુમારે ભાજપને સીધો સંદેશ આપ્યો છે કે આ બધુ બિહારમાં થશે નહીં

એ યાદ રહે કે કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ સહિત ભાજપના અન્ય નેતા રાજયમાં ધર્માંતરણ વિરોધી કાનુનની માંગ સમયે સમયે કરતા રહે છે આ સાથે જ લઘુમતિ શબ્દને ખતમ કરી દેવાની માંગ પણ બેગુસરાયથી સાંસદ ગિરિરાજ સિંહ સહિત ભાજપની અનેક નેતા કરતા રહ્યાં છે. તેમનું કહેવુ છે કે હવે દેશના મુસલમાનોએ ખુદને બહુમતિમાં સમજવા જોઇએ તેના માટે ઉપયોગમાં લેવા આવનારા લઘુમતિ શબ્દને હવે ખતમ કરી દેવા જોઇએ મુખ્યમંત્રી નીતીશકુમારનું આ નિવેદન બિહારમાં ભાજપ માટે આંચકો માનવામાં આવી રહ્યો છે.

## ભારત-ચીન માટે ક્રૂડ ઓઈલના ભાવ અંદાજ કરતાં વધુ વધાર્યા, અમેરિકા માટે યથાવત્

યુએઇ,તા.૧૦

સમગ્ર દુનિયામાં તેલના સૌથી વધુ નિકાસકાર સાઉદી અરબે એશિયાઈ ખરીદદારો માટે કાચા તેલની કિંમતમાં અંદાજ કરતાં વધુ ભાવ વધારી દીધા છે. જુલાઈ મહિનામાં ગરમી અને વધતી માગને ધ્યાનમાં રાખીને કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે. ભારત સાઉદી અરબથી મોટી માત્રામાં તેલની આયાત કરે છે. જુલાઈ મહિનામાં એશિયાઈ દેશો માટે અરબ લાઈટ ક્રૂડ ઓઈલના ઓફિશિલ સેલ પ્રાઈસ (OSP)માં જૂનની સરખામણીએ ૨.૧ ડોલર પ્રતિ બેરલનો વધારો કરવામાં આવ્યો છે. ક્રૂડ ઓઈલના ભાવ વધતાં શક્ય છે કે આગામી સમયમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં પણ વધારો થઈ શકે છે. આ વધારો મોટા ભાગના બજાર નિષ્ણાતોના અંદાજ કરતા ઘણો વધારે છે. મોટા ભાગના નિષ્ણાતોને ક્રૂડ ઓઈલની કિંમતમાં લગભગ ૧.૫ ડોલરના વધારા થવાની શક્યતા હતી. રોઈટર્સના પોલમાં છમાંથી માત્ર એકે ક્રૂડ ઓઈલની કિંમતમાં ૨ ડોલરના ઉછાળાનો અંદાજ વ્યક્ત કર્યો હતો.

એશિયાના એક તેલ ટ્રેડરના જણાવ્યા પ્રમાણે, ક્રૂડ ઓઈલની કિંમતમાં આટલો વધારો થવાની શક્યતા નહોતી, ખાસ કરીને અરબ લાઈટ ક્રૂડની કિંમતમાં આટલો વધારો થવાનો અંદાજ નહતો. દુનિયામાં તેલની સૌથી મોટી કંપની સાઉદી અરામકોએ આ વધારો કર્યો છે. આ નિર્ણય જુલાઈમાં તેલનું ઉત્પાદન રોજનું ૬,૪૮,૦૦૦ બેરલ વધારવાના ઓપેક પ્લસ દેશો વચ્ચે થયેલી સમજૂતી પછી કરવામાં આવ્યો છે. જોકે રશિયા, અંગોલા અને નાઈજીરિયા જેવા ઓપેક પ્લસના સભ્ય દેશો માટે તેલ ઉત્પાદનનો લક્ષ્ય પૂરો કરવો મુશ્કેલ લાગી રહ્યો છે. ઓપેક પ્લસ દેશોને જુલાઈ અને ઓગસ્ટમાં તેલના ઉત્પાદનના લક્ષ્યાંક સુધી પહોંચવામાં મુશ્કેલી આવી શકે છે. દુનિયામાં તેલના સૌથી મોટા આયાતકાર ચીન પણ શંઘાઈ સહિત તેમનાં અમુક શહેરો ફરી ખોલી રહ્યાં છે. કોવિડ-૧૯ને કારણે લાગેલા લોકડાઉન પછી આ શહેરોમાં ફરી કામકાજ શરૂ થયાં છે. જોકે આ દરમિયાન ભારત અને ચીન સતત રશિયાનું તેલ ખરીદી રહ્યા છે. આ દેશોએ યુક્રેન અને રશિયા હુમલા વખતે રશિયા પર કોઈપણ પ્રકારના પ્રતિબંધો લગાવવાનો ઈનકાર કરી દીધો હતો. ભારત અને ચીન મોટા ડિસ્કાઉન્ટથી રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યા છે.સાઉદી અરામકોએ રાતે યુરોપિયન અને ભૂમધ્ય દેશો માટે ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો કર્યો હતો. અમેરિકા માટે ક્રૂડ ઓઈલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં નથી આવ્યો.

## ૧૨ જૂન, "બાળ-મજુરી વિરોધ દિવસ" બાલવંદના એટલે ગોપાલવંદના આજનાં બાળકો આવતીકાલનું ભારત બનાવશે — ચાચા નહેરુ



વર્ષ ૨૦૦૨ માં બાળ-મજુરી અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી વિશ્વ મજુર સંગઠન, યુનાઈટેડ નેશન્સ દ્વારા ૧૨ જૂનનો દિવસ "બાળ-મજુરી વિરોધ દિવસ" તરીકે ઉજવવાનુંનક્કી કરવામાં આવ્યું હતું. બાળ-મજુરી એ વર્તમાન સમાજનું કલંક છે. તેનાથી લાખો-કરોડો બાળકોનું આપણે બાળપણ છીનવાઈ રહ્યું છે. કોઈ પણ બાળકને પુખ્ત થયા પહેલા બાળ-મજુરીમાં ધકેલી દેવાથી તેનો અભ્યાસ, સાધારણ વિકાસ, રમત-ગમત તેમજ મનોરંજનનો અધિકાર છીનવાઈ જાય છે. કેટલાક કિસ્સાઓમાં આવા બાળકો ગુનાખોરી કે વ્યસનની લતે પણ ચડી જતા હોય છે. ભણવાની ઉંમરે બાળકો ઘરકામ, ચાની કીટલી કે હોટલમાં મજુરી, જોખમી ઔદ્યોગિક કામોમાં લાગી જતાં હોય છે. ખેતીકામ, ગૃહઉદ્યોગ, ઢોર ચરાવવા જેવા કામો પણ અનેક બાળકોએ કુમળી વયમાં કરવા પડે છે. આ તમામથી અતિ ગંભીર એવા ભીખ માગવામાં અને કેટલાક કિસ્સાઓમાં ડ્રગ-ટ્રાફિકિંગ માટે પણ બાળકોનો ઉપયોગ થાય છે અને વળી, બાળકીઓના કિસ્સાઓમાં નાની ઉમરમાં વેશ્યા-વૃત્તિ જેવા અતિ નિમ્ન કક્ષાનાં કાર્યો બળજબરીથી કરાવાય છે જે સમાજ માટે કલંક સમાન છે.

બાળમજૂરીને અટકાવવા માટે અનેક નીતિ નિયમો બનાવવમાં આવ્યા છે, પણ હજુ સુધી દેશમાં બાળમજૂરી નાબુત થઈ શકી નથી. "બાળ-મજૂરી વિરોધ દિવસ" એ ફક્ત ઔપચારિક્તા ન રહેતા સાર્થક કાર્ય બને તે જોવાનું દરેક જાગૃત નાગરિકનું નૈતિક કર્તવ્ય છે. બાળમજૂરીને સંપૂર્ણપણે નાબૂદ કરવું જોઈએ, બાળમજૂરી વિરોધનાં કાયદાઓ વધુ કડક બનાવવા જોઈએ જેથી આ બાળમજૂરીનો વ્યવસાય ખતમ થઈ શકે. બાળકોનાં સારા ઉત્તમ ભવિષ્ય માટે શિક્ષણને વધુ પ્રાધાન્ય આપવું જોઈએ એટલું જ નહીં શિક્ષણ નાનામાં નાના વર્ગનાં લોકોનાં બાળકો સુધી પહોંચે તેવા પ્રયાસો સતત કરવા જોઈએ. જેથી લોકોમાં જાગૃતિ આવશે અને બાળમજૂરી સંપૂર્ણપણે બંધ થશે. બાળકો એ દેશનું ભવિષ્ય છે જો તેમને યોગ્ય શિક્ષણ મળશે તો દેશનું ભવિષ્ય પણ ઉજળું થશે.

મિત્તલ ખેતાણી

## નવ નિર્મિત બ્રિજનું કંકોડા બ્રિજ તરીકે નામાભિધાન કરવાની દરખાસ્ત સર્વાનુમતે પસાર થઈ ગઈ

બખડજંતર ચેનલ તરફથી હું એટલે ગિરધર ગરબડીયા-મુખ્ય-ગૌણ જે કંઇ કહો તે રિપોર્ટર અને કેમેરામેન રાજુ રદી એક નગરપાલિકાની બેઠકનું કવરેજ કરવા સ્પોટ પર પહોંચ્યા.

બેઠકમાં ભાગ લેનારને પરિમલ ગાર્ડનમાં ટહેલતા હોય તેમ આવી રહ્યા છે. તેમના મુખકમળ ગુટકા,પડીકીને ન્યાય આપી રહ્યા છે. જો કે, બેઠકના હોલની દિવાલો પર તમાકુ ચાવવી અપરાધ છે, તેના માટે ફલાણા કાયદાની ઢીંકણી કલમ મુજબ દંડ થઈ શકે છે.ઝભ્ભા-લેંઘા- કોટીમાં સજ્જ સભ્યશ્રીઓ થિયેટરના કલાકોરો સમાન ભાસતા હતા.

બેઠક શરૂ થવામાં વાર હતી. બે-ત્રણ સભ્યોએ શાક માર્કેટમાં રીંગણા સો ના કિલો એવી બૂમ મારતા બકાલીની જેમ ગરમી બહુ છે, એસી મિનિમમ ટેમ્પરેચર પર સેટ કરવા સેવકોને આદેશ આપતા હતા. ત્રણ-તાર ભૂખાળવા( આમ તો દરેક ખાવા માટે તલપાપડ હોય!! હાઈ કિમાન્ડ ભલે ખંગ ખાય નહીં અને ખાવા દેવાની મનાઇ ફરમાવે) સભ્યોએ પ્રલંબ બગાસાંની શૃંખલા વચ્ચે ચપટી વગાડીને નાસ્તો ન આપો તો કાંઇ નહીં પણ હાઇકલાલાસ ચા તો પિવડાવો એવી પેયાત્મક અપીલ-આદેશ કરતા હતા. થોડાંક સભ્યો બેઠકના સભ્યો સમય અંગે કચકચ કરતા હતા. કેટલાક એજન્ડા શું છે તેની પૃચ્છા કરતા હતા. ટુંકમાં બેઠક પહેલાંનો પ્રમાદાત્મક માહોલ .સેક્રેટરી જેવો દેખાતો બુડથલ બાબુ માઇક ટેસ્ટિંગ હેલાવ હેલાવ કરતો હતો.

પ્રમુખ સાહેબ પધાર્યા. બધા મને કમને ઉભા થઇ આદર આપવાનો ડોળ કર્યો.જાતજાતની જય બોલાઇ. કમિશનર શાંતિ જાળવવા વિનંતી કરી અને બેઠક શરૂ કરવા અનુમતિ માંગી. પ્રમુખે ડોકું હકારમાં ધુણાવી સંમતિ આપી. કમિશનરે પ્રારંભિક ઉદબોધન કરવા પ્રમુખને વિનંતી કરી.

પ્રમુખે "ભાઈઓ.,,. "કહી બોલવાનું શરૂ કર્યું.

"સાહેબ અમારી હાજરીની નોંધ લેજો "પ્રમુખની માનીતી છમકછલ્લોએ કામુક અંદાજમાં કોમેન્ટ કરી.

"તમારી તો દિવસ કરતાં રાતે પણ નોંધ લઈએ છીએ."લાળ ટપકાવતા પ્રમુખ મહોદય વદ્યા!!

" સાહેબ, બેઠકનો આ એજન્ડા નથી. બેઠક પછી રસિક થજો. " પ્રમુખ વિરોધી દળના અસંતુષ્ટ પ્રમુખની ફિરકી લીધી.

નગરપાલિકાએ બનાવેલ બ્રિજના નામકરણ માટે ખાસ બેઠક બોલાવેલી.

બેઠકની પ્રારંભમાં વિવાદનો મધપૂડો છેડી શાસકપક્ષના અને હાલના પ્રમુખને દબડાવી પ્રમુખ થવાના દિવાસ્વપ્નો જોતાં સભ્યે સિકસર ફટકારતા કહ્યું," પપ્પુ પુલ નામ રાખીએ "

સામેવાળા ઉભા થઇ ગયા . કાગળો ફાડ્યા,ઉછાળ્યા. કૂવો ન હોવા છતાં વેલ તરીકે ઓળખાતી જગ્યાએ ધસી આવ્યા. માઇકો તોડ્યા, ખુરશીની ગાદીઓ ફંગોળી. પ્રમુખે માંડમાંડ મામલો રફેદફે કર્યો.

"આપણે પુલનું નામ જ ન રાખીએ તો?" એસ્ટેટ શાખાના અધિકારીએ ચાંપલાશ કરી.

" સાહેબ તમારે પાંત્રીસ-ચાલીસ વરસ નોકરો કરી પેન્શન ખાવાનું છે. અમારે પાંચ વરસે પબ્લિક પાસે જઈ મત માંગવાના છે, તમારે મત મેળવવા જવાનું નથી!!" સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને અકળામણ વ્યક્ત કરી.

" બ્રિજનું નામ મહાનુભાવના નામ પરથી રાખીએ "વરસો લગી સતાની લોલીપોપ તિસમારખાં પરિવારવાદી પક્ષના સભ્યે સૂચન કર્યું.

" ભાઇ તમારે ત્યાં આવા નામોની લંગાર છે. અમારે ખાટલે ખોડ છે. ગણીને સાડા ત્રણ નામમાં યાદી પૂરી થઇ જાય છે.

" પરમ આદરણીય દાઉદ ઈબ્રાહીમનું નામ પુલ સાથે જોડો. કોઇ માલનો લાલ પુલ સામે આંખ ઊંચી કરશે નહીં. અલબત, નબળી ગુણવતા હોય અને પુલ તૂટી જાય તો વાત અલગ છે. ધ.ધૂ. પ.પુ. દાઉદ, તેલગુ, હાજી મસ્તાને દેશને વરસો લગી ચૂનો -ડિસ્ટેમ્પર લગાવવાની અદ્ભૂત કામગીરી નિસ્વાર્થભાવે કરી છે" બકરાદાઢીવાળા સભ્યશ્રીએ કરી.

" ભાઇ અમારા છોટા રાજન, બડા રાજન, અરૂણ ગવળી મરી નથી ગયા કે ચૂડીઓ નથી પહેરી નથી." પંડિતનુમા સભ્યે વાંધો ઉઠાવ્યો!!!

પ્રમુખ સાહેબ નદી અને પર્વતોના નામ સર્કિટહાઉસના ઓરડાને આપી ચુકયા છીએ. હવે ટ અ ડ બ્રિજ નામ આપીએ તે એબ્સર્ડ લાગશે તેમ કમિશનરે કહ્યું.

આ ચર્ચા સાંભળીને કળી ખીલું ખીલું થઈને પુષ્પમાં પરિવર્તિત થવાની કોશિશ કરતી હોય તેમ રાજુ રદી બોલવા ઊંચોનીચો થતો હતો, તલપાપડ થતો હતો.

" પ્રમુખ સાહેબ આપની મંજૂરીની અપેક્ષાએ મારે સૂચન કરવુ છે. સાહેબ બ્રિટિશ સાહિત્યકાર શેકસપિયર ' વ્હોટ ઈઝ ઈન ધી નેઈમ 'એવું કહી ગયા છે. નરસિંહ મહેતા પણ 'ઘાડ ઘડયા પછી નામરૂપ જુજવા અંતે તો હેમનું હેમ હોય' કહી ગયા છે. સાહેબ બળ્યું પૂળો મેલોને નામમાં !!સાહેબ કંકોડા બ્રિજ નામાભિધાન કરી દો એટલે ભોડાકૂટ પતે!!"

રાજુ રદીની દરખાસ્ત પર કોઇ વાંધાવિરોધ વિના સર્વાનુમતે સંમત થઈ ગયા!!

ભરત વૈષ્ણવ

---

ગુલમહોર
પાંદડે પાંદડે પાઉન્ડ છે,
આ એટીએમ છે કે ઝાડ છે?
ડાળીએ ડાળીએ ડોલર છે,
આ ઝાડ છે કે ધનકુબેર છે?
આ ગુલમહોર તરૂંબરૂં છે કે
સોના મહેરનો ચરૂં ફરૂં છે?
ફૂલો કેવા લાલચટક છે,
સૌંદર્યનો બ્લેક ચેક છે
ફૂલોની રાખરખાવટ છે,
માનો કે સ્પર્શ વેલવેટ છે.
ભરત વૈષ્ણવ

# મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સ્પીચ-પ્રધાનમંત્રીના સાનિધ્યમાં જનસેવા પ્રભુસેવાનો અવસર

અનિલભાઈએ ૨ વર્ષની પૌત્રીને કેન્સર માં.ગુણાવી એના દુ:ખને હજારો લોકોના આરોગ્ય માટે લાભકારી.દક્ષિણ ગુજરાત માં બે દાયકામાં આરોગ્ય અને હોસ્પિટલોનો વ્યાપ વધ્યો.ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બન્યું અને વિકાસનું પર્યાય બન્યું નિરાલીથી નિરામય બનશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના પ્રવચનની શરૂઆતમાં જ પ્રદેશ અધ્યક્ષ શ્રી આર પાટીલ સાહેબ માટે પોતાના સાથી તરીકે સંબોધન કર્યું.આજે પહેલા અંગ્રેજી સાંભળ્યું બાદમાં ગુજરાતી અને હવે હિન્દી છૂટવું ન જોઈએ એટલે હિન્દીમાં બોલું છું અનિલ નાયકને જ જન્મ દિવસ નિમિત્તે શુભકામના

આરોગ્ય ક્ષેત્રમાં નાગરિકોને નવી સુવિધાઓ મળી મેડિકલ કોલેજનું ભૂમિપૂજન કર્યું અને હવે મલ્ટી સ્પેશ્યાલિટી હૉસ્પિટલનું લોકાર્પણ એ એમ નાયક પરિવાર અને ટ્રસ્ટને હૃદયથી અભિનંદન આ પ્રકલ્પ નિરાલીને ભાવુક શ્રદ્ધાંજલિ નાયક પરિવારને થયેલ દુ:ખ અન્યોએ ન શેવું પડે એ આ




પ્રોજેકટમાં જોવા મળે છે

અનિલભાઈએ પિતૃ ઋણ ગામનું ઋણ ને સંતાનનું ઋણ પણ ઉતાર્યું હાઈવેને બાજુમાં આવી હોવાથી ખૂબ લાભયદાયી અકસ્માત સમયે ગોલ્ડન અવરમાં હોસ્પિટલમાં પહોંચશે તો જીવન બચાવી શકશે

ગરીબની ચિંતા ઘટાડવા સ્વાસ્થ્ય સુલભ અને સરળ બનાવવા જરૂરી બહેતર પોષણ સ્વસ્થ જીવન શૈલી આપવાનો પ્રયાસ સરકારની પ્રાથમિક સુવિધાઓ આપવાનો પ્રયાસ ગુજરાત હેલ્થ ઈન્ફ્રસ્ટ્રક્ચર થયુ

ગરીબ માધ્યમ વર્ગ માટે સસ્તી આરોગ્ય સેવા મળે એવો પ્રયાસ નીતિ આયોગના રિપોર્ટમાં ગુજરાત આરોગ્ય ક્ષેત્રે પ્રથમ મારા મુખ્યમંત્રીના કાર્યકાલ દરમિયાન જે યોજના બનાવી એ આજે દેશને કામ આવી રહી છે

મુખ્યમંત્રી અમૃતમ યોજના ના અનુભવે ગરીબો માટે આયુષ્યમાન ભારત યોજના લઈને દેશવાસીઓ પાસે આવ્યો.

વધુમાં પ્રધાન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગરીબ મધ્યમ વર્ગની આરોગ્ય યોજના ઓ ને કારણે ૭ હજાર કરોડની બચત ૨૦ વર્ષોમાં.આરોગ્ય ક્ષેત્રમાં શહેર થી લઈ ગ્રામ્ય સ્તરે અનેક કામોથયા શહેરમાં ૬૦૦ દીનદયાળ ઔષધાલય બન્યા

કિડની ઈન્સ્ટિટ્યૂટને આધુનિક બનાવવામાં આવી રહી છે અને વહેલામાં બેડ સંખ્યામાં ડબલ થશે ભારત સારકારે અન્ય રાજ્યોમાં પણ કિડની દર્દીઓ માટે ડાયાલીસીસ સેન્ટર ઉભા કર્યા છે

ગુજરાતમાં મહિલા અને બાળકો માટે પોષણમે પ્રથમીકતા ચિરંજીવી યોજના થકી સારા પ્રમાણમાં ઉપયોગ થયો ૧૪ લાખ મહિલાઓએ ચિરંજીવી યોજનાનો લાભ લીધો.

# ડાકોર રણછોડ રાયજી મંદિર ટ્રસ્ટ દ્વારા રસ્તાનું કામ પૂનમ પહેલા પૂર્ણ કરવા માગ

ડાકોર,તા.૧૦

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર રણછોડ રાયજી મંદિર ટ્રસ્ટ દ્વારા નગરપાલિકાને ડાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા એક લેખિત પત્ર મોકલવામાં આવ્યો છે જેમાં ઉલ્લેખ છે કે આવનાર પૂનમ સુધી રોડ રસ્તાનું કામકાજ વહેલી તકે પૂર્ણ કરવા માટે તાકીદ કરેલ છે.

ડાકોર ખાતે છેલ્લા ઘણા સમયથી ધીમી ગતિએ રોડ રસ્તનું કામ ચાલી રહ્યું છે જેને કારણે આવનાર યાત્રિકોને દર્શના માટે તકલીફો ઉઠાવવી પડે છે. મંદિરના મુખ્ય દ્વાર પર કોંક્રેટ સિમેન્ટના ઢગલા છેલ્લા ઘણા સમયથી પડ્યા છે. પાણીના ખાબોચિયા ભરાયેલા છે અને મંદિર ટ્રસ્ટ દ્વારા આ કામની રીતે પૂર્ણ કરવા માટે વારંવાર રજૂઆત કરવા છતાં નગરપાલિકા કે વહીવટીતંત્ર ઘોર નિંદ્રામાંથી જાગતું નથી. આ બાબતે નગરપાલિકા આર.એન.બી શાખાને પણ જાણ કરેલ છે. આવનાર પૂનમના દિવસે યાત્રિકોનું ઘોડાપૂર આવતું હોય છે. સમસ્ત ગુજરાતમાંથી પૂનમના દિવસે શ્રદ્ધાળુઓ રણછોડજીના દર્શન કરવા આવતા હોય છે ત્યારે તેમને અગવડ ન પડે તે હેતુથી ડાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા નગરપાલિકા તથા વહીવટીતંત્ર અને એક પત્ર લખી રોડ રસ્તાનું કામ પૂર્ણિમાં પહેલા રાત-દિવસ એક કરીને પૂર્ણ કરવા માટે એક પત્ર લેખિત આપવામાં આવ્યો છે.

ડાકોર મંદિરના મુખ્ય દ્વાર પર રસ્તાનું કામકાજ ચાલતો હોવાને કારણે યાત્રિકો ગોમતી નદી સ્નાન કરવા પણ જે શકતા ન હોવાને કારણે મંદિર ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવે છે અને આ કાચબા ગતિએ ચાલતું કામ પણ ક્યારે પૂર્ણ થશે તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે ત્યારે ગઈકાલે ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા ઠાસરા પ્રાંત અધિકારી અને મામલતદારને પણ પત્ર લખી આ બાબતે ધ્યાન દોરવામાં આવ્યું હતું. મંદિરની નજીક ધીમી ગતીએ ચાલી રહેલ રોડની કામગીરીને લઈ પત્ર લખતા મંદિરના ટ્રસ્ટીએ પણ આ બાબતે મીડિયા સમક્ષ ઈન્ટરવ્યૂ આપતા કહ્યું હતું કે, વારંવાર રજૂઆત કરવા છતાં પણ તંત્ર રસ્તા બાબતે નિષ્ક્રિયતા દાખવી રહ્યું છે ત્યારે નાછૂટકે પત્ર લખી વહીવટીતંત્રને જણાવવામાં આવ્યું છે. વધુમાં ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, મંગળવારે જેઠ સુદ પૂનમ(જેષ્ઠાભીક સ્નાન) હોવાથી કામગીરી વહેલી પૂર્ણ કરવા તાકીદ આપી છે. આરસીસી રોડની ધીમી ગતિને કારણે લોકો હેરાન પરેશાન થઇ રહ્યા છે. મંદિરના પ્રવેશદ્વાર પાસે જ ઉબડખાબડ રોડથી શ્રદ્ધાળુઓ તેમજ સ્થાનિકો મુશ્કેલીમાં પડી જાય છે. રોડની ચાલી રહેલી કામગીરી પૂનમ પહેલા પૂર્ણ કરી દેવા તાકીદ કરી હતી.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈસરોનું નવનિર્મિત ઈસરો ભવનની બોપલ ખાતે ખુલ્લુ મુક્યું




અમદાવાદ,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાતે હતાં તેઓએ આજે પોતાના કાર્યક્રમના બીજો તબક્કો અમદાવાદથી શરૂ કર્યો હતો. આ તબક્કામાં તેઓ ઇસરોનું નવનિર્મિત ઈસરો ભવનની બોપલ ખાતે ખુલ્લુ મુક્યું હતું. ઈસરોની તમામ જરૂરિયાતો સંતોષાઇ જાય તે પ્રકારેઆ સંપુર્ણ ભવનને તૈયાર કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં ઈસરો રામદેવનગર ટેકરા ખાતે ચાલે છે. પરંતુ હાલ તે ન માત્ર શહેરની મધ્યમમાં આવી ચુક્યું છે પરંતુ હવે ઈસરોની બદલાતી જરૂરિયાતો અનુસાર તે નાનું પણ પડી રહ્યું છે અને સાધન સગવડો પણ ઘટી રહી છે. જેના કારણે ઈસરો દ્વારા બોપલમાં એક આખી નવી જ ફેસિલિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ઈસરો દ્વારા હાલની જરૂરિયાતો ઉપરાંત આગામી ૨૦ વર્ષ સુધી ઉભી થનારી જરૂરિયાતો અને પડકારોને ધ્યાને રાખીને તમામ તૈયારી કરવામાં આવી છે.

આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતાનું ઉદ્‌બોધન વડાપ્રધાન મોદીનો આભાર વ્યક્ત કરતાની સાથે કર્યું હતું. તેમણે કહ્યું કે, ભારતનું અંતરિક્ષ ક્ષેત્રમાં ખુબ જ મોટો પડાવ પાર કર્યો છે. આઝાદીના અમૃત મહોત્સવ નિમિતે અત્યાર સુધીમાં ઈસરો જે પણ ઉપલબ્ધીઓ પ્રાપ્ત કરી હતી તેને પ્રેક્ટિકલ ઉપયોગમાં લાવવા, જમીન પર ઉતારવા અને તેની સાથે ખાનગી ક્ષેત્રમાં કામ કરનારી કંપનીઓ અને સ્ટાર્ટઅપને જોડીને એક ઈકો સિસ્ટમ બનાવવી કે જેથી ભારત સ્પેસ ક્ષેત્રમાં ખુબ જ આગળ વધે. આ કલ્પના વડાપ્રધાન મોદીએ ૨ વર્ષ પહેલા કરી હતી, જે ધીરે ધીરે તેમણે સુધારાઓ થયા હતા. ભારતીય અંતરિક્ષ ઉદ્યોગ આપણી ઈકોનોમીમાં ખુબ જ મોટું કન્ટ્રીબ્યુટર પણ બનશે. આ ઈન્ડસ્ટ્રી અત્યાર સુધી ખુબ જ ખુણામાં હતો પરંતુ પીએમ મોદીના વિઝનરી મિશનથી શરૂ થશે. આજે અનેક ખ્યાતનામ કંપનીઓ અને સ્ટાર્ટઅપના લોકો હાજર છે ત્યારે હું કહેવા માંગુ છું કે, ૨૦૧૪ પહેલા જેટલી સરકારો પણ બની તેમણે પોલિસિ મેકિંગમાં જેટલું કામ થવું જોઇતું હતું તે નથી કર્યું. જે ભારતીય લોકો માટે ભારતીય સમાજ માટે ભારતના ટેક્નોક્રેટ માટે ખુબ જ વણસ્પર્શયા રહ્યા હતા. ૨૦૧૪માં પીએમ બન્યા બાદ મોદીજીએ પરિવર્તન કર્યું અને અનેક ક્ષેત્રોમાં નિતિનિર્ધારણ કરી તેની અનુસાર નિતિ બનાવીને અનેક સંભાવનાઓ ખોલી હતી. નવી ડ્રોન નીતિ પણ બની છે. નવી સ્વસ્થય નીતિ બની છે. મેક ઇન ઇન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, ઉડાન, આત્મનિર્ભર ભારત, પીઆઈએળ યોજના, ગ્રીન ઈન્ડિયા, નેશનલ પોલિસિ ઓન ઈલેક્ટ્રોનીક, જેમ, મિશન શક્તિ, જીએસટી, સ્માર્ટ સિટી સહિત અનેક પ્રકારની નીતિ અને કાર્યક્રમ એવી રીતે બનાવવામાં આવ્યા કે નવા નવા ક્ષેત્રો માટે બજાર પણ ખુલ્યું છે. જયાં ઉભા રહીને તેઓ વિશ્વના યુવાઓ સાથે સ્પર્ધા કરી શકે.

# ભાજપ નેતા નૂપુર શર્માની ધરપકડની માગ સાથે ગુજરાતભરમાં રેલી કાઢી વિરોધ પ્રદર્શન કરાયું

અમદાવાદ,તા.

ભાજપનાં નેતા નૂપુર શર્મા દ્વારા મોહમ્મદ પયગંબર પર કરવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદનના પડઘા વડોદરા અને સુરત સાથે અમદાવાદમાં પણ પડ્યા છે. મોહંમદ પયગંબર વિશે કરવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદનના વિરોધમાં આજે લાલ દરવાજા વિસ્તારમાં આવેલું ઢાલગરવાડ બજાર અને ત્રણ દરવાજા બજાર આખું બંધ રાખવામાં આવ્યું છે. ઢાલગરવાડ અને ત્રણ દરવાજા વિસ્તારમાં આવેલા પાથરણાબજારના વેપારીઓએ બંધ રાખીને વિરોધ નોંધાવ્યો છે. દરિયાપુર વિસ્તારમાં પણ બંધ રાખવામાં આવ્યો હતો. ઉપરાંત સ્થાનિકોએ નૂપૂર શર્માની ધરપકડની માગ કરતાં બેનર લઈને રેલી કાઢી હતી.

આજે સવારે દસ વાગ્યાની આસપાસ રાબેતા મુજબ બજાર શરૂ થયું હતું. જોકે પાથરણાબજારને ૧૨ વાગ્યા બાદ કેટલાક લોકોએ આવીને બંધ કરાવી દીધું હતું. પોલીસે સમગ્ર વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો અને ક્યાંય કોઈ અનિચ્છનીય ઘટના કે તોફાની તત્ત્વો કાંકરીચાળો ન કરે એને પગલે પેટ્રોલિંગ પણ શરૂ કર્યું હતું

ભાજપના નેતા નૂપુર શર્મા દ્વારા મોહમ્મદ પયગંબર પર કરવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદનના પગલે વિરોધ કરવા ગઈકાલે ગુરુવારે અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં બંધના મેસેજ વાઈરલ કરવામાં આવ્યા હતા, જેને પગલે લાલ દરવાજા, કારંજ, પટવાશેરી સહિતના આસપાસના વિસ્તારોના સ્થાનિક મુસ્લિમ આગેવાનો અને સ્થાનિક પોલીસ તથા ઉચ્ચ અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. બેઠકમાં મુસ્લિમ સમાજના આગેવાનોને શાંતિ તથા ભાઈચારાની એકતા જળવાઈ રહે એ માટે બંધ ન રાખવા સમજાવવામાં આવ્યા હતા અને તેઓ દ્વારા બંધ ન રાખવા સંમતિ દર્શાવી હતી. જોકે આજે બજાર ખૂલ્યાના બે કલાકમાં જ બંધ કરાવી દેવામાં આવ્યું હતું અને સમગ્ર ઢાલગરવાડ આજે બંધ જોવા મળ્યું હતું.

એકપણ દુકાન ખુલ્લી જોવા મળી ન હતી. કેટલાક પાથરણાબજારના વેપારીઓએ બજાર ચાલુ રાખ્યું હતું, પરંતુ પટવા શેરીના આસપાસનાં કેટલાંક અસામાજિક તત્ત્વોએ આવી એને બંધ કરાવ્યું હોવાનું સ્થાનિક સૂત્રોએ જણાવ્યું હતું. ૧૦ જૂનના રોજ બંધના એલાનના મેસેજ વાઈરલ થતાં પોલીસ દ્વારા મુસ્લિમ આગેવાનો અને મૌલાનાને બોલાવીને લોકોને આવા બંધના મેસેજ પર ધ્યાન ન આપવા સમજાવ્યા હતા.

# રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવેલ છે



ધી અમદાવાદ ડિસ્ટ્રિકટ કો ઓ બેક્ર લિ મહાલક્ષ્મી શાખા ના સહયોગથી રક્તદાન શિબિર કેમ્પ તા ૧૨/૬/૨૦૨૨ને રવિવારે સવારે રાખવામાં આવેલ છે

આ બાબતે વધારે જાણકારી મળતાં જાણવા મળેલ છે કે મહાલક્ષ્મી શારદા મંદિર પાલડી બ્રાન્ચ મેનેજર તથા કમૅચારીઓ ના સાથ અને સહકારથી તા ૧૨/૬/ ૨૦૨૨ ને રવિવારે સવારે ૯/૩૦ થી ૧૨/૩૦ દરમિયાન કૃષ્ણ નંદન કોમ્પલેક્ષ પાલડી અમદાવાદ ખાતે રક્તદાન મહાદાન છે તો આ કાયૅક્રમ માં ભાગ લેવા ઈચ્છતા રક્ત દાતાઓ સ્થળ ઉપર તથા તથા બેક્ર મેનેજર નો સંપર્ક કરવો આ કાયૅક્રમ ને સફળ બનાવવા બન્ને સાખા ના કમૅચારીઓ ખડે પગે હાજર રહ્યા હતા કાયૅક્રમ પૂર્ણ થયા બાદ સ્વરૂચિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ હતી

અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો ઓ બેક્ર લિ હેડ ઓફિસ ના સિધા માગૅદશૅન નીચે સેટેલાઈટ તથા જોધપુર સાખાના સાથ અને સહકાર થી ગ્રાહક સંવાદ કાર્યક્રમ યોજાય ગયો આ કાયૅક્રમ માં ભાગ લેનાર બેક્ર ના ગ્રાહકો ને બેક્ર તરફથી ગિફ્ટ આપવા માં આવેલ હતી જેનો ભાગ લેનાર ગ્રાહક ગિફ્ટ નો સહ સ્વિકાર કરતા જોવા મળે છે.

## ભક્તિની શરૂઆત ભગવાનને જાણ્યા પછી થાય છે.

# પાંડરવાડા ગામે નિરંકારી સંત સંમેલન યોજાયું

મહીસાગર જીલ્લાના પાંડરવાડા ખાતે સંત નિરંકારી મિશનના મુંબઇના જ્ઞાન પ્રચારક પ.પૂ.પ્રકાશ જોષીજીની અધ્યક્ષતામાં નિરંકારી સંત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત વીરપુરના રાધાબેન તથા કેવડીયાના ભાવનાબેન દ્વારા સુંદર ભક્તિ રચનાઓથી કરવામાં આવી હતી.મહા.શ્રી દિલિપભાઈએ કહ્યું હતું કે સાચી ભક્તિ ત્યારે જ થાય છે કે જયારે અમે બ્રહ્મજ્ઞાની સદગુરૂની શરણમાં જઈ એક પ્રભુ પરમાત્માના દર્શન કરીએ.ધોળીના મહા.વખતસિંહએ સંત સત્તારદાસજીની વાણીના માધ્યમથી સમજાવ્યું હતું કે સદગુરૂ કોઇ એક જાતિ મજહબના લોકો માટે નહી સમગ્ર માનવજાત માટે આવે છે.સાચા સદગુરૂ તમામને એક સરખા ગણે છે.કોઇ વાણીયા કોઇ બ્રાહ્મણ કોઇ શેખ સૈયદ પણ દરેકમાં આત્માનું નૂર એક જ છે. ગોધરાના શ્રી કાનજીભાઈએ કહ્યું હતું કે સંતના દર્શન માટે મમતા અને અભિમાન છોડીને જવાનું છે અને સંતના શરણમાં જઇ તેમનાં વચનોને જીવનમાં કર્મરૂપમાં અપનાવવાથી જ ફાયદો થાય છે. નવીવાડીના વિનોદભાઇ માછીએ કહ્યું હતું કે દશ દ્વારની નગરી મનુષ્ય શરીર જે ચેતન સત્તાથી ચાલે છે તેની અનુભૂતિ કર્યા પછી જ ભક્તિની શરૂઆત થાય છે ત્યાર પહેલાં કરવામાં આવેલ તમામ સાધના નિરર્થક છે.આત્મા પરમાત્માનો સનાતન અંશ છે.સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચેનું આકાશ તથા તમામ દિશાઓ જેનાથી વ્યાપ્ત છે તે નિરાકાર પરમાત્મા છે.ગોધરાના વંદનીય સંત પ.પૂ.વિદ્યાબહેનજીએ કહ્યું હતું આ શરીરનો કોઇ ભરોસો નથી,જીવનનો અંત સમય આવે ત્યાર પહેલાં એક સત્ય પરમાત્માના દર્શન કરી આલોક અને પરલોક સુખી કરી લેવાની જરૂર છે.છેલ્લે તમામ આમંત્રિતોનું સ્થાનિક ભક્તજનોએ ફુલહાર અને શાલ ઓઢાળી બહુમાન કર્યું હતું. વ્યાસપીઠ ઉપરથી પોતાના પ્રવચનમાં પ.પૂ.પ્રકાશ જોષીજીએ કહ્યું હતું કે આજે તમામ મનુષ્યો પરમાત્માની ચર્ચા તો કરે છે પરંતુ પરમાત્માને જાણ્યા વિના ભક્તિ કરી રહ્યા છે,તે પરમાત્માને જાણીને પૂજા કરે તો ભક્તિનો આનંદ આવે છે.જ્ઞાનને પ્રાપ?ત કરવું એ જ સંતની ઓળખાણ નથી પરંતુ જ્ઞાન મુજબ આચરણ કરવું એ જ સંતની ઓળખાણ છે.ધર્મને સમજવા માટે એક પરમાત્માને જાણવાની,માનવાની તથા તેમાં એકરૂપ બની જવાની જરૂર છે.અલગ અલગ માનવોના અલગ અલગ ભગવાન નથી પરમાત્મા એક છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,
જી.પંચમહાલ

## માણાવદરમાં અનસુયા ગૌધામ દ્વારા

# મહાનુભવો તથા સંસ્થાના કર્મચારીઓના પારિતોષિક આપી સન્માન કરાયા

ગીર ગાયનું સંવર્ધન કરતું માણાવદર નું એક માત્ર કેન્દ્ર ×અનસુયા ગૌધામ× ખાતે આજરોજ ગોંડલ ભુવનેશ્વરી પીઠના આચાર્ય ઘનશ્યામ મહારાજ મુલાકાત લઇ તેઓએ ગીરની ગાયો વિશે માર્ગદર્શન આપ્યું હતું અને ગીર ગાયોના દૂધ -ઘી- છાશ- માખણ શરીરને નિરોગી બનાવે છે તે અંગે લોકોને સમજણ આપી હતી.



મૂળ મુંબઈના અને હાલ માણાવદર શિફ્ટ થયેલા આ ગૌશાળાના પ્રેરણાદાયી એવા મેઘનાબેન શેઠ તથા હિતેન શેઠે ગીરગાય વિષય અંતર્ગત સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં અનસુયા ગૌધામના ૨૮ કર્મચારીઓના મોમેન્ટ પારિતોષિક આપી જાહેર સન્માન કરવામાં આવ્યા હતા ગૌધામના મૂળમાં આ કર્મચારીઓનો મોટો સહયોગ રહ્યો છે.

આ તકે શ્રીમતી કલ્પનાબેન ગાંધી દ્વારા અનસુયા ગૌધામનો લોગો તથા મેઘબિંદુ ઘી લોન્ચ કરવામાં આવ્યું હતું. આ સંસ્થાના વિકાસમાં પરોક્ષ કે અપ્રત્યક્ષ રહેલા શહેરના નામાંકિત નાગરિકો જેવા કે નગરપાલિકાના પ્રમુખ પુષ્પાબેન ગોર, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નિર્મળસિંહ ચુડાસમા, તથા દેવજીભાઇ ઝાટકીયા, ભારત વિકાસ પરિષદના પ્રમુખ મહેશભાઈ જસાણી, સામાજિક કાર્યકર અને યુવા પત્રકાર જીગ્નેશ પટેલ, ડો.રાઠોડ સાહેબ, એડવોકેટ શૈલેષ પંડ્યા, પારસભાઈ બામરોટિયા, વિજય મશરૂ ગોંડલના ભુવનેશ્વરી પીઠના આચાર્ય ઘનશ્યામ મહારાજ તથા અન્ય આગેવાનોએ શાલ ઓઢાડી તથા મોમેન્ટ આપી સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ઈમ્તિયાઝ કાજી, ગીરીશભાઈ સોમૈયા, શાંતીબેન રબારી, મેઘના શેઠ, કલ્પનાબેન ગાંધી વગેરે પ્રાસંગિક પ્રવચનોમાં આ સંસ્થા વિશે માહિતી આપી હતી અને મુંબઈની કમાણી માણાવદરમાં સમાણી તેમ કહી શાંતીબેન રબારીએ સંસ્થાનું પ્રવર્તમાન આખું ચિત્ર રજૂ કર્યું હતું હિતેનભાઈ શેઠ, અનસુયાબેન શેઠ, મેઘનાબેન શેઠ, વગેરે આમંત્રિતોનો આભાર માન્યો હતો.

## ગ્રામ હાટ ખાતે જાહેર જનતા માટે પ્રદર્શન અને વેચાણ ત્રણ દિવસ સુધી ખુલ્લુ રહેશે

# ૧૩ જુનના રોજ 'કર્ણાવતી પ્રાકૃતિક ગ્રાહક બજાર' તથા 'પ્રાકૃતિક કૃષિ' પરીસંવાદ રાજયપાલશ્રીની ઉપસ્થિતિમાં યોજાશે

પ્રધાનમંત્રીશ્રીના ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પને સિધ્ધ કરવા અમદાવાદ જીલ્લામાં પણ પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે રાજયપાલશ્રીઆચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિમતિમાં તા.૧૩ જુન, સોમવારના રોજ અમદાવાદ ખાતે ગુજરાત ગ્રામ હાટ ભવન, પાલડી ખાતે ''કર્ણાવતી પ્રાકૃતિક કૃષિ ગ્રાહક બજાર'' ખુલ્લું મુકવામાં આવશે. ત્યારબાદ પંડીત દીનદયાળ ઉપાધ્યાય ઓડીટોરીયમ, બોડકદેવ ખાતે ૧૦૦૦ કરતા વધુ પ્રગતીશીલ ખેડુતો સાથે ''પ્રાકૃતિક કૃષિ પ્રકૃતિના શરણે '' અંગે પરીસંવાદયોજાશે.

રાજયપાલશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ચાલતા પ્રાકૃતિક કૃષિ અભિયાનને વ્યાગપક બનાવવા, અમદાવાદ જીલ્લાના ખેડુતો પણ પ્રાકૃતિક કૃષિ અપનાવીને આર્થિક રીતે સધ્ધર બને તેવા ઉમદા હેતુથી તથા તેમની પોતાની કૃષિ ઉપજ માટે વેચાણ વ્યવસ્થા અને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે અમદાવાદ શહેરના હાર્દસમા વિસ્તા ર ગુજરાત ગ્રામ હાટ ભવન, અંજલી ચાર રસ્તા, પાલડી ખાતે ''કર્ણાવતી પ્રાકૃતિક ગ્રાહક બજાર'' નું રાજયપાલશ્રીના વરદ હસ્તેન ખુલ્લુ મુકવામાં આવશે. જેમાં,જીલ્લાના પ્રાકૃતિક કૃષિ પધ્ધતિથી ઉત્પાુદન મેળવતા હોય એવા અંદાજે ૩૦ થી વધુ ખેડુતો જોડાશે અને જાહેર જનતા માટે આ પ્રદર્શન અને વેચાણ ત્રણ દિવસ સુધી ખુલ્લુ રહેશે.

જીલ્લા પંચાયત, અમદાવાદ દ્વારા સ્વ ભંડોળ સદરે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, અમદાવાદના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ ''ભૂ- સંજીવની યોજના'' તથા ''કામધેનુ અવતરણ યોજના''નું રાજયપાલશ્રીના વરદ હસ્તે લોકાપર્ણ કરવામાં આવશે.તથા અમદાવાદ જીલ્લાના પ્રાકૃતિક કૃષિ કરતા સફળ ખેડુતોની સફળગાથા બુકનું પણ વિમોચન કરવામાં આવશે. પરિસંવાદમાં ખેડૂતોએ વધારાના કોઇપણ પ્રકારના ઇનપુટ બજારમાંથી ખરીદ્યા સિવાય માત્ર એક જ દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ખેડુત ૩૦ એકર સુધીની જમીનમાં પ્રાકૃતિક કૃષિ કઇ રીતે કરી શકે અને તેના લાભાલાભ અને ખેતી પધ્ધતિ બાબતેરાજયપાલશ્રી વિસ્તૃત માર્ગદર્શન આપશે. રાજયપાલશ્રી ગ્રામહાટ ખાતે પ્રાકૃતિક કૃષિ પેદાશોના સ્ટોલની મુલાકાત લઇને ખેડુતોને આત્મનિર્ભરતામાં સહયોગી પ્રોત્સાહિત કરશે. સમગ્ર ગુજરાતમાં રાજયપાલશ્રી ત્રણ વર્ષથી રાજયમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે સતત પ્રયત્નશીલ છે અને તે માટે જિલ્લા વહીવટીતંત્રને પણ દિશાસૂચન કર્યુ છે. હાલ ખેત પેદાશોમાં વધુ પડતા રાસાયણીક ખાતરો અને જંતુનાશક દવાના ઉપયોગને કારણે ગુજરાત સહીત સમગ્ર વિશ્વમાં પ્રકૃતિ, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસરો જોવા મળી છે. વિશ્વ સામે જળવાયુ પરીવર્તનની મોટી સમસ્યા પેદા થઇ છે. પર્યાવરણ પર વિપરીત પરીસ્થતિને કારણે જીવ સૃષ્ટિ પર તેના ખરાબ પરીણામો જોવા મળ્યા છે જેના ભાગ રૂપે સમગ્ર દેશમાં રાસાયણીક ખાતર તથા જંતુનાશક દવા મુકત ખેતી કરી, ખર્ચમાં ઘટાડો કરી ખેડુતનું આર્થિક ઉપાર્જન વધે તે માટે મા.પ્રધાનમંત્રીશ્રી દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલ પંચાયત મહાસંબેલનમાં ૭૫ મા આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીના ભાગરૂપે રાજયના તમામ ગામોમાં ૭૫ ખેડુતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે બાબતે આહવાન કર્યુ હતું

જીલ્લાના ખેડુતો પ્રાકૃતિક કૃષિ તરફ આગળ વધે અને ઝીરો બજેટ ખેત પધ્ધતિ થકી ખેતી ખર્ચમાં ઘટાડો કરી નફાશકિતમાં વધારો થાય તે હેતુસર તમામ ખેડુતોને કાર્યક્રમમાં ઉપસ્થિતત રહી માર્ગદર્શન મેળવવા અને શહેરના નાગરીકોને ઝેર મુકત ખોરાક આરોગી તંદુરસ્તં આરોગ્ય જળવાય એવા શુભ આશયથી જીલ્લા પંચાયત, અમદાવાદ દ્વારા શરૂ કરેલ કર્ણાવતી ગ્રાહક પ્રાકૃતિક બજારનો લાભ લેવા તેમજ ખેડુતોને પ્રોત્સાહીત કરવા સમગ્ર વહીવટીતંત્ર દ્વારા તમામ શહેરીજનોને અનુરોધ કરવામાં આવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK